Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ જેઠ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## એ આદર્શ સંત

પૂજનીય આચાર્ય મહારાજ શ્રી સમુદ્રસૂરીશ્વરજી મહારાજ એ આપણા જૈન જગતમાં વિરલ હતા. આ કળીકાળ કે પંચમ કાળમાં ભગવાન મહાવીરનો સંદેશ–એમની ઘોષણા સંભળાવનાર રત્ન હતા.

જે સમતા રસનો કંદ શાસ્ત્રમાં વાંચીએ છીએ તે પૂજ્યશ્રીમાં જીવંત જોવા મળ્યો. સત્ત્વ તો જ્યાં હોય ત્યાં ઝળકી ઊઠે! આપણા આગમધરો પણ તેમના જીવનની સુવાસથી જગતને સભર બનાવી પોતાનું અને બીજાનું કલ્યાણ કરીને ગયા.

ધન્ય છે આપણી માતૃભૂમિને! ધન્ય છે આવા વીર રત્નોને! આપણે ગુણના પૂજારી! પંચ પરમેષ્ઠીના ગુણમાં કેમ ખોવાઈ જઈએ તે આવા ગુણપૂજક મહાપુરૂષોના તેજસ્વી જીવન આપણને જાગ્રત કરે છે. તેમનાં જ્વલંત જીવનથી આપણી નાની જ્યોત જગાવીએ એ જ પ્રાર્થના.

—કમલિની

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક ૭૪ : ] જુન : ૧૯૭૭ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| અભિલાષા | | ૧૯૧ |
| સમતામૂર્તિનો કાળધર્મ | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૯૨ |
| મહાન ગુરુના મહાન શિષ્ય | શ્રી કાન્તીલાલ ડી. કોરા | ૧૯૬ |
| સંસારને માર્ગે કેવળજ્ઞાન | શ્રી હીરાલાલ ર. કાપડીઆ | ૧૯૮ |
| ધન્ય ધન્ય એ અણગાર | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૯૯ |
| સાંભળ્યા વિના પણ ધર્મ પામે | પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ | ૨૦૧ |
| આગમ સાહિત્ય | ડૉ. રમણલાલ શાહ | ૨૦૩ |
| અપરાધી કોણ ? | સ્વ સાધ્વીશ્રી ઉજ્વળ કુ. | ૨૦૬ |
| જિનશાસનરત્ન આચાર્યવર્ય કે કાલધર્મ | ઇન્દ્રદિન્ન સૂરિ. | ૨૦૮ |
| સં. ૨૦૩૨નો હીસાબ | | ૨૧૦ |
| સમાચાર | | ૨૧૫ |


## આ સભાના નવા આજીવન સભ્યો

૧. શાહ પન્નાલાલ ગોપાળજીભાઈ — ભાવનગર
૨. દોશી હકમચંદ શામજીભાઇ (ચભાડીયાવાળા) — ભાવનગર
૩. ગાંધી મણીલાલ ડાહ્યાલાલભાઈ — ભાવનગર
૪. સલોત પોપટલાલ રવજીભાઈ — ભાવનગર

## શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષિક ઉત્સવ

જેઠ સુદ ૪ રવિવારે સારી સંખ્યામાં મેમ્બરો તળાજા ગયા હતા. તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠશ્રી મુળચંદ નથુભાઈ તરફથી રાગ-રાગિણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈની તથા ભાવનગરવાળા શેઠ નાનચંદ તારાચંદભાઈ (હાલ મુંબઈ)ની રકમના વ્યાજ વડે સભાસદ્ બંધુઓનું પ્રીતિભોજન રાખવામાં આવ્યું હતું. તે પછી સભાની કાર્યવાહીનું અવલોકન કરવામાં આવ્યું હતું અને વિશેષ પ્રગતિ માટે વિચારણા કરવામાં આવી હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(તંત્રી સ્થાનેથી) શાહ ગુલાબચંદ લલ્લુભાઇ

## પરમ પવિત્ર પૂજ્ય આચાર્ય મહારાજ

# શ્રી સમુદ્રસૂરીશ્વરજી મહારાજને શ્રદ્ધાંજલિ



આપ કૃપાળુને કયા શબ્દોમાં અંજલિ અર્પું ! શબ્દો જડતા નથી. આપનામાં એવા ઉચ્ચતમ દૈવી તત્ત્વો ભરેલા હતાં કે આપશ્રી પાસે આવનારને તેના દિલમાં અપૂર્વ શાંતિનો ઝરો વહેતો થઈ જાય !

આપશ્રીની શું સૌજન્યતા ! ખરેજ આપ સમતા અને શાંતિના સાગર હતા. આપે પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જીવતા અણમૂલ સેવા ભક્તિ કરી અને તેઓશ્રીની ગેરહાજરીમાં પણ તેમના ક્ષેત્રનું કામ ઉલ્લાસપૂર્વક સંભાળી લીધું.

કેળવણી ક્ષેત્ર, સાધર્મિક ભક્તિ અને તેનો વધુને વધુ ઉત્કર્ષ કેમ થાય તેની સતત જાગૃતિ અને પુરૂષાર્થ. માનવસેવા, જૈન સમાજ અને સંઘની ઐકયતા કેમ રહે તેની કાળજી અને ચિંતા, પૂજ્ય સાધ્વીજી મહારાજોને જ્ઞાનપ્રાપ્તિની કેમ વધુ સગવડતા મળે અને તેમની ઉચ્ચ પ્રતિભા સંઘ અને ખાસ શ્રાવિકા સમાજ ઉપર કેમ પડે. જેથી દરેક ઘરે ખૂબ શાંતિ અને સમજદારી પ્રસરે! કલેશ-કંકાસ સદા દૂર રહે અને નીતિ તથા સદાચારભર્યું જીવન વિતાવે! આજે ગ્રેજ્યુએટ સાધ્વીજી મહારાજની સંખ્યા આપણા સમાજમાં ઘણી છે, જે ગૌરવરૂપ છે. તેની શક્તિનો પુરેપુરો સદ્ઉપયોગ થાય તેમ જ તેઓ વ્યાખ્યાનપાટ ઉપર બેસી તેમની વ્યાખ્યાનવાણીનો અલભ્ય લાભ આપી શકે એ બધી વિચારધારા આચાર્ય મહારાજના દિલમાં સદા વહેતી હતી અને તે માટે ઠીક ઠીક પ્રયાસ કરતા હતા.

જે દેશના હવા-પાણીનો આપણે લાભ લઇએ છીએ તેની સેવા પણ સાધુધર્મને બાધ ન આવે તે રીતે કરવી જોઇએ તેમ તેઓ માનતા હતા અને સમયાનુકૂળ સેવા આપી રહ્યા હતા.

છેલ્લે ૫-૬ વર્ષ પહેલાં આપશ્રી મુંબઇ ચાતુર્માસ બીરાજતા હતા ત્યારે હું અને સ્વ. મનસુખભાઇ આપના દર્શને પાયધુની ગોડીજીના ઉપાશ્રયે આવ્યા હતા. તે વખતે ૩-૪ પંજાબી ભાઇઓ અને બ્હેનો આપના પાસે આવ્યા. એ આવનારામાં બે પાર્ટીને ઘણા સમયથી સંઘના કામ અંગે સખત મતભેદ અને મનભેદ હોઇને ઘર્ષણ ચાલતું હતું. તેઓએ પોતપોતાની વાત ઉશ્કેરાટભરી રીતે આક્ષેપો સાથે શરૂ કરી. અમને ભય લાગ્યો કે આ ઉશ્કેરાયેલ ટોળા કંઈ મારામારી ઉપર તો આવી નહિ જાય. તુરત જ આચાર્ય ભગવંતે તેમના તરફ દૃષ્ટિપાત કર્યો અને મીઠા-મધૂરા, શાંત સ્વરે કહ્યું: મહાનુભાવો! ભાગ્યશાળીઓ! મારા અનન્ય પ્રેમાળ ભક્તો! હવે શાંત થાઓ. આંખો બંધ કરો. તમને મારા ઉપર શ્રદ્ધા અને પ્રેમ છે તો પહેલો મારો આદેશ એ છે કે તમે બધા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરો. પછી હું માંગલિક સંભળાવું, તે દશ મિનિટ સાંભળો. તે પછી તમારે કોઇએ બોલવું નહિ. હું તમારી દરેક વાતથી માહિતગાર છું. તમો બંને પાર્ટી નિર્દોષ છો, સુશ્રાવક છો, કોઇ અચાનક અંધેરી આવી ગઈ છે પણ તમારૂં દિલ સારૂં છે, શાસનનું કામ છે. ઘણી વખત આપણે ધર્મનું કાર્ય કરીએ છીએ તેમાં એવી કોઈ ભૂલ થઇ જાય છે કે ધર્મના નામે અધર્મ આપણા જ હાથે અજાણપણે થઇ જાય છે. તેના સચોટ દાખલા દલીલો આપીને એ બંને પાર્ટીને બરાબર શાંત કરી તેમના મતભેદ અને મનભેદનો ઉકેલ લાવી દીધો અને બંને પાર્ટીને એક સ્થળે ભોજન લેવાનો પ્રબંધ થયો તે વખતે પૂ આચાર્ય મહારાજે પધારવું એમ નક્કી થયું. એ બધું કામ આનંદ મંગલ સાથે પુરૂં કર્યું અને બને પાર્ટી હસતા હસતા હાથ મીલાવી આચાર્યશ્રીને વંદન કરી વિદાય થઇ. કહે છે કે આવા ઝગડા તો તેમના વિહારમાં તેઓએ અનેક સ્થળે શાંતિથી પતાવેલ છે. તે તેમના આત્માની નિર્મળતા અને શુદ્ધ તત્ત્વભરેલા વિચારોનું પરિણામ જણાય છે.

તેઓશ્રીના હસ્તે અનેક સ્થળે પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાનો જેવા ધાર્મિક કાર્યો થયા છે. મંદિરો અને પાઠશાળા-બોર્ડિંગો વગેરે અનેક ધાર્મિક અને સામાજીક શુભ કાર્યો થયા છે. એમના માટે વિશેષ શું કહું! તેઓશ્રીના જીવન ઉપર પ્રકાશ પાડતા આ માસિકમાં છપાયેલ જુદાજુદા લેખકોના લેખો વાચકબંધુઓને વાંચવા ભલામણ કરૂં છું. ૐ શાંતિ:

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ જેઠ : ૧૯૭૭ જુન | અંક : ૮

## અભિલાષા

ભૂલો પડ્યો છું ભવમહીં, ભગવાન રાહ બતાવજો,
જન્મો જનમ ને મરણના, સંતાપથી ઉગારજો;
સંસારના સુખદુઃખ તણાં, ચક્રોમહીં પીડાઉં છું,
પગલે પગલે પાપના, પંથે વિચરતો જાઉં છું. ૧

જિનરાજ તુજ આદેશને, હું ધ્યાનથી સુણતો નથી,
તારી મધુરી વાણીને, હું અંતરે ઝીલતો નથી;
ભગવાન ભક્તિભાવથી, ગુણગાન પણ ગાતો નથી,
માન ને અભિમાનમાંથી, દૂર હું જાતો નથી. ૨

તારા બતાવ્યા સત્યના, પંથો ય સમજાતા નથી,
તારા દીધેલા જ્ઞાનના, ગ્રંથો ય વંચાતા નથી;
લક્ષ્મી મળી પણ લક્ષ્મીનો, સદ્વ્યય કરી જાણ્યો નહિ,
ભાઈ ભાઈમાં કદિયે, સંપ કરી જાણ્યો નહિ ૩

તારા ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મૂકી,
લાખ લાખ વંદન કરું, જિનરાજ ! તુજ ચરણે ઝુકી;
મારે જાવું છે ભવપાર, રક્ષા કરજો હે ભગવાન,
હું આવ્યો તારે દ્વાર, રક્ષા કરજો હે ભગવાન. ૪

(એક સજ્જનની ડાયરીમાંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતામૂર્તિનો કાળધર્મ

('જૈન' પત્રમાંથી સાભાર)

શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ

આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ, ઉત્તર પ્રદેશના મોરાદાબાદ શહેરમાં તા. ૧૦-૫-૭૭ને મંગળવારના રોજ સવારના ૮૬ વર્ષની પરિપકવ વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે, અને એક આજીવન જીવન-સાધક, લોકોપકારક અને નખશિખ સમતાના આરાધક આદર્શ શ્રમણસંતનો આપણને કાયમને માટે વિરહ થયો છે.

આચાર્ય મહારાજે તો નિર્મળ અખંડ અને અપ્રમત્ત સંયમની આરાધના કરી અને પોતાનાં મન-વચન-કાયાને ધર્મસેવા, સંઘ-સમાજસેવા અને રાષ્ટ્રસેવાને સમર્પિત કરીને પૂર્ણરૂપે કૃતાર્થ થઈ ગયા. પણ આપણને સદાય શુભ વૃત્તિ અને પ્રવૃત્તિના મંગલમય માર્ગનું દર્શન કરાવતો એક પ્રકાશમાન પ્રદીપ બુઝાઈ ગયો! હવે તો, સ્વર્ગસ્થ આચાર્યશ્રીની સર્વનું કલ્યાણ કરવાની એ પ્રેરણા, ઝંખના અને અવિરત પ્રવૃત્તિ, એનું જ સ્મરણ અને અનુકરણ કરવાનું રહે છે; અને એ બાબત એમની કીર્તિકથા પણ બની રહેવાની છે.

આચાર્ય મહારાજનો સૌથી મોટો, આગળ તરી આવતો અને એમના સર્વગુણોને વધારે શોભાયમાન બનાવતો ગુણ હતો સમતાનો. એમની અણીશુદ્ધ નિરતિચાર અને સતત જાગ્રત સંયમસાધનાની સફળતાનાં આહ્લાદકારી દર્શન એમના આ ગુણમાં પણ થતાં હતાં એમ લાગે છે કે શારીરિક અસ્વસ્થતા, આંતર બાહ્ય સંયોગોની પ્રતિકૂળતા, નિંદા-સ્તુતિના ચિત્તને આવેશ કે હર્ષમાં ખેંચી જાય એવા પ્રસંગો— એવાં એવાં સબળ નિમિત્તો આવી પડયા છતાં તેઓના સમભાવમાં ક્યારેય ખામી આવવા પામતી ન હતી; આવા આકરી અગ્નિપરીક્ષાના સમયે તો ઊલટો એમનો સમતા ગુણ વધારે પ્રકાશી ઊઠતો હતો. એમ લાગે છે કે સમતાનો આ ગુણ એમના રોમેરોમમાં વસી ગયો હતો; સાથે જ તેઓનું સમગ્ર જીવન અને કાર્ય સમતારસના સ્થિર, ધીર, ગંભીર સરોવર સમું બની ગયું હતું. અને તેથી ભગવાન તીર્થંકરે ઉપદેશેલી "समयाए समणो होई" (સમતા વડે જ શ્રમણ થવાય) અને "उवसमसारं खु सामणं" (ઉપશમ એ જ શ્રમણપણાનો સાર છે). એ શ્રમણજીવનનો મહિમા વર્ણવતી ઉક્તિઓ આચાર્ય મહારાજના જીવનમાં પૂરેપૂરી ચરિતાર્થ થયેલી જોવા મળતી હતી. આવી દાખલારૂપ સમતાભરી સાધુતાનું જાણે એમને ઇશ્વરી વરદાન જ મળ્યું હતું. પણ એ માટે એમને કેટલી બધી સહનશીલતા, સત્યપ્રિયતા અને ઉદારતા કેળવવી પડી હશે અને જીવનસ્પર્શી બાહ્ય-આભ્યંતર તપસ્યા કરવી પડી હશે, એ તો એમનું મન જ જાણતું હશે.

વિચાર, વાણી અને વર્તન રૂપે પ્રગટ થતા સમગ્ર જીવનવ્યવહારને અહિંસા, સંયમ, તપ અને સત્યના પ્રકાશથી આલોકિત કરતી આવી સમતા ધરાવતી વ્યક્તિઓ શ્રમણસમુદાયમાં વિરલમાં પણ વિરલ ગણાય એટલી ઓછી છે; અને એમાં સ્વર્ગસ્થ આચાર્ય મહારાજનું સ્થાન પ્રથમ પંક્તિમાં અગ્રસ્થાને શોભી રહ્યું છે. એમના જીવનનો સાર સમજવો સમજાવવો હોય તો એમ જ કહેવું જોઇએ કે સમતા અને સમુદ્રસૂરિજી જાણે એક બીજાના પર્યાય જ બની ગયા હતા. ઉત્કટ અને વિમળ સંયમ-સાધનાને લીધે એમણે સમતા સાથે આવી અભિન્નતા કે એકરૂપતા સાધી લીધી હતી.

સમતાની આવી સાધનાનો જ એ પ્રતાપ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો કે એમના વ્યવહાર-વર્તનમાં ક્યારેય કડવાશ, ક્રોધ કે ક્લેશ દ્વેષની વૃત્તિ જોવા મળતી ન હતી; અને એમના પરિચયમાં આવનારના મન ઉપર એમનો આત્મા હળુકર્મી, અલ્પકષાયી, સરળ, ભદ્રપરિણામી અને નિખાલસ હોવાની છાપ પડ્યા વગર ન રહેતી. એમના જીવનનું આ જ સાચુ આંતરિક બળ હતું. અને પોતાની આવી ગુણીયલતાને લીધે તેઓ તીર્થંકર ભગવાનની "જીવમાત્ર સાથે મૈત્રીભાવ સાધવાની અને કોઇ પણ જીવ પ્રત્યે વૈર-વિરોધનો ભાવ ન રાખવાની" આજ્ઞાનું સારા પ્રમાણમાં પાલન કરી શક્યા હતા; અને પોતાની જીવનસાધનાને, શુષ્કતાથી મુક્ત રાખીને, પ્રસન્ન મધુર વૈરાગ્યથી વિશેષ અહિંસા કરુણા-વાત્સલ્યમય બનાવી શક્યા હતા.

એમની આવી વાત્સલ્યસભર સાધુતાનો પ્રભાવ એમના અનુરાગીઓ ઉપર તથા એમનાથી અપરિચિત જૈન-જૈનેતર વ્યાપક જનસમૂહ ઉપર તો પડતો જ; ઉપરાંત એમના પ્રત્યે વિરોધનો ભાવ ધરાવનાર વ્યક્તિનું મન પણ એથી શાંત થઇ જતું અને એની ઉગ્રતા શમી જતી. નાના-મોટા, પરિચિત-અપરિચિત સૌ કોઈને માટે એમના મુખમાંથી નીકળતું "ભાગ્યશાલીઓ!"નું સંબોધન અને એની પાછળ રહેલી આત્મિયતાની હેત-પ્રીતની લાગણી ભૂલ્યા ભુલાય એમ નથી. વળી પોતાની વાતને દૃઢતાપૂર્વક બીજાને સમજાવવાની એમની સૌમ્ય છતાં સચોટ વાણી એમના તરફના આદરમાં વધારો કરી અને વિરોધીના મનને પણ વશ કરી લે એવી હતી.

એક વક્તા તરીકે તેઓ સિદ્ધહસ્ત કે વધુ પ્રભાવશાળી ન હોવા છતાં અને જરૂરત કરતાં પણ ઓછું બોલવાની અને બને તેટલું મૌન પાળવાની એમની ટેવ હોવા છતાં તેઓ જનસમૂહ ઉપર પ્રભાવ પાડી શકતા અને એની પાસે અનેક સત્કાર્યો કરાવી શકતા, તે એમની આવી વિરલ આંતરિક ગુણસંપત્તિને કારણે જ મૌનભાવ પ્રત્યે આવી રુચિ કેળવીને તો તેઓએ પોતાના જન્મની મૌન એકાદશીની પર્વતિથિને જાણે સાર્થક કરી બતાવી હતી!

રાજસ્થાનનું પાલી શહેર તેઓની જન્મભૂમિ. પિતાનુ નામ શોભાચંદ્રજી. માતાનું નામ ધારિણીદેવી જ્ઞાતિ વીસા ઓસવાળ. વિ. સં. ૧૯૪૮ના માગશર શુદિ ૧૧ના મૌન એકાદશીના પર્વદિને, તા. ૧૧-૧૨ ૧૮૯૧ના રોજ એમનો જન્મ. નામ સુખરાજજી, બારેક વર્ષની ઉંમરે માતા પિતાની છત્રછાયા હરાઈ ગઈ; અને અંતરમાં વૈરાગ્યને જાગ્રત કરે એવો આઘાત લાગ્યો. સુખરાજજીને માતા-પિતા અને કુટુંબમાંથી મળેલા ધર્મસંસ્કારો વધુ ખીલી નીકળ્યા. એમનું મન ત્યાગ-વૈરાગ્ય-સંયમના માર્ગને ઝંખી રહ્યું.

વિ સં. ૧૯૬૭માં, ૧૯-૨૦ વર્ષની યૌવનના બારણે પગ મૂકતી ઊછરતી ઉંમરે એમણે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી (તે વખતે મુનિરાજશ્રી વલ્લભવિજયજી) મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. એમને પોતાના શિષ્ય ઉપાધ્યાય (તે વખતે મુનિરાજ) શ્રી સોહનવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા અને એમનું નામ મુનિશ્રી સમુદ્રવિજયજી રાખવામાં આવ્યું.

મુનિ સમુદ્રવિજયજી પોતાની સંયમયાત્રાને સફળ બનાવવા માટે જ્ઞાન-ચારિત્રની આરાધના અને ગુરુજનોની સેવા-ભક્તિમાં એકાગ્ર બની ગયા. તેમાંય વડીલોની તેમજ બીમાર-અશક્ત ગ્લાન સાધુ મુનિરાજોની સેવા-ચાકરીનો ગુણ તો જાણે મુનિ સમુદ્રવિજયજીના અણુ અણુમાં એવો વણાઈ ગયો હતો કે એ કરતાં તેઓ પોતાની જાતને અને પોતાની અગવડ-સગવડનેય વીસરી જતા. ગુરુજનોના અને વિશેષ કરીને પોતાના દાદાગુરુ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના એમના ઉપર અંતરના આશીર્વાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસ્યા અને એમના સંયમજીવનનો અનેક રીતે વિકાસ થયો. તેમજ સર્વત્ર એમને ખૂબ લોકચાહના મળી તે, નિષ્ઠાભરી વૈયાવચ્ચ કરવાના આ ગુણને કારણે જ

સેવાના આ ગુણ અને વિમળ સંયમસાધનાને કારણે એક બાજુ એમણે શ્રીસંઘની એવી ભક્તિ અને પ્રીતિ મેળવી કે જેને લીધે એમને વિ. સં. ૧૯૯૪માં અમદાવાદમાં ગણિપદ તથા પંન્યાસપદ, વિ. સં. ૨૦૦૮માં વડોદરામાં ઉપાધ્યાયપદ અને વિ. સં. ૨૦૦૯માં થાણામાં આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું. તો બીજી બાજુ એમને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના વિશ્વાસપાત્ર વજીર તરીકેનું તેમ જ છેવટે પટ્ટધર તરીકેનું પણ વિરલ ગૌરવ મળ્યું હતું. આ બધો પ્રતાપ પોતાના આ યુગદ્રષ્ટા દાદાગુરુશ્રીને પોતાનું જીવન અને સર્વસ્વ માનીને એમને પૂર્ણપણે સમર્પિત થઈ જવાની તત્પરતાનો જ હતો. એમ કહેવું જોઈએ કે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના રોમ રોમમાં ગુરુદેવ વલ્લભનું જ નામ અને ઋણ ધબકતું હતું. અને તેથી સ્વર્ગસ્થ આચાર્યશ્રીની ગુરુભક્તિ દાખલા રૂપ બની હતી.

વળી આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજીની ગુરુભક્તિની એક વિરલ વિશેષતા એ હતી કે પોતાના ગુરુદેવે, સમયને પારખીને, શાસનપ્રભાવના, સમાજ ઉત્કર્ષ, દેશસેવા વગેરે ક્ષેત્રોમાં જે યોગાનુરૂપ કાર્યો કર્યા હતાં, તે કાર્યો તેઓના સ્વર્ગવાસ પછી પણ ચાલુ રહે એ માટે એમણે ખ્રિસ્તી મિશનરીઓ જેટલો ઉત્સાહ દાખવીને, જીવનના અંત સુધી કાર્ય કર્યું હતું અને આવા કાર્યો કરતી વખતે અને એ માટે શ્રીસંઘ તથા સમાજને પ્રેરણા આપતી વખતે પોતાનાં ઊંઘ આરામ, નાદુરસ્ત તબિયત અને વૃદ્ધાવસ્થાને પણ વીસરી જતા હતા. પોતાના ગુરુદેવના કાર્યોને આગળ વધારવાની આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીની તાલાવેલી ખરેખર બેનમુન હતી. અને એ રીતે એમણે પોતાના ગુરુવર્યનું વજીર પદ અથવા સિપાહી પદ ચરિતાર્થ કર્યું હતું.

સાધુ-સંતો એ કોઈ એક વર્ગ અથવા એક ક્ષેત્રમાં જ પુરાઈ રહેવાનું પસંદ ન કરે; તો જ એમની સાધુતાનો સાચો વિકાસ થઈ શકે અને વ્યાપક જનસમૂહને એનો લાભ મળી શકે. તેથી જ સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ, પોતાના વડીલના પગલે પગલે, દેશ, ધર્મ અને સમાજને, જૈનોના બધા ફિરકાઓને તેમ જ દરેક જ્ઞાતિ અને ધર્મના જનસમૂહને પોતાની સાધુતા, વિદ્વતા અને કલ્યાણબુદ્ધિનો લાભ આપ્યો હતો; અને પોતાના ધર્મગુરુપદને લોકગુરુપદથી વિશેષ ગૌરવશાળી બનાવ્યું હતું. સાચે જ તેઓ એક દરિયાવદિલ સંતપુરૂષ હતા.

તેઓના અંતરમાં અન્ય ધર્મો પ્રત્યે કેવો આદરભાવ વસેલો હતો તેનો એક પ્રસંગ જાણવા જેવો છે. છએક વર્ષ પહેલાં મુંબઈમાં-વરલીમાં તેઓના સાનિધ્યમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો, તે વખતે જુદા જુદા મુનિવરોને એમની વિશિષ્ટ કામગીરીને અનુરૂપ બિરુદો આપવામાં આવ્યા ત્યારે પોતાના શિષ્ય મુનિરાજ શ્રી જનકવિજયજી ગણિને "સર્વધર્મસમન્વયી"નું બિરુદ આપવામાં આવ્યું હતું. સર્વ ધર્મો તરફની આવી આદરભરી દૃષ્ટિ એ પણ આ આચાર્યશ્રીની લોકપ્રિયતાનું એક કારણ છે. અને આવો સર્વધર્મસમભાવ સાધુવર્ગમાં બહુ જ ઓછો જોવા મળે છે. આથી જ તેઓને આપવામાં આવેલું "રાષ્ટ્રસંત" તરીકેનું બિરુદ ચરિતાર્થ થયું છે.

એક વાત બહુ સારી બની કે મુનિવર્ય શ્રી જનકવિજયજી ગણિ જેવા પોતાના અલગારી અને સત્ય-પ્રેમ-કરુણાની પ્રતિકૃતિસમા શિષ્યરત્ન પંજાબ અને હરિયાણાનાં ગામડાંઓમાં અભણ, વ્યસનગ્રસ્ત અને દીન-દુઃખી માનવજાતને સંસ્કારી બનાવવાનું કેવું ઉત્તમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મકાર્ય કરી રહ્યા છે તે, થોડા વખત પહેલાં, પ્રત્યક્ષ જોઇને સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ પોતાનો પૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો અને અંતરના આશીર્વાદ આપ્યા હતા.

ભગવાન મહાવીર પચીસસોમા નિર્વાણ વર્ષની સરકારી ધોરણે થયેલી ઉજવણી વખતે એ સમિતિના અતિથિવિશેષ તરીકે, તેઓએ વિરોધના વંટોળ સામે જે અડગતા દાખવી હતી અને જે કામગીરી બજાવી હતી તે ચિરસ્મરણીય બની રહે એવી અને એમના ઉદાર અને સર્વકલ્યાણવાંછુ વ્યક્તિત્વની યશોગાથા બની રહે એવી હતી.

પોતાના ગુરુવર્ય ઉપાધ્યાય શ્રી સોહનવિજયજી પ્રત્યેનું ઋણ ચૂકવવા એમણે તેઓની જન્મભૂમિ જમ્મુ તવ્વી જેવા દૂરના સ્થાનમાં પણ થોડાંક વર્ષ પહેલાં જિનમંદિર બંધાવીને પોતે એની પ્રતિષ્ઠા કરાવી હતી અને વલ્લભગુરુ પ્રત્યેના ઋણથી મુક્ત થવા વલ્લભ જન્મશતાબ્દીની શાનદાર ઉજવણીની પ્રેરણા આપી હતી અને એ માટે અપાર જહેમત પણ ઉઠાવી હતી. ઋષિઋણમુક્તિની એમની આ ભાવના અનુકરણીય બની રહે એવી છે.

પોતાના દાદાગુરુ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની જેમ તેઓએ કલેશ નિવારણ, સંપ–એકતાની સ્થાપના, દીન–દુઃખી સહધર્મીઓ તથા ઇતરજનોનો ઉદ્ધાર, ધાર્મિક સહિત વ્યાવહારિક શિક્ષણનો પ્રસાર વગેરે કાર્યોને પોતાનું જીવનકાર્ય માન્યું હતું અને રાત–દિવસ એ માટે કાર્ય કર્યું હતું.

સાધ્વીસમુદાયનો વિકાસ એમના અંતર સાથે જાણે વણાઈ ગયો હતો; અને એ માટે પોતાની આજ્ઞામાં રહેલ સાધ્વીસમુદાયને શાસ્ત્રાભ્યાસ, અન્ય વિદ્યાઓના અધ્યયન, લેખન સંશોધન. પ્રવચનની. પોતાના ગુરુદેવની જેમ એમણે પૂરી છુટ આપી હતી. જૈનસંઘના વિશિષ્ટ અંગરૂપ સાધ્વીસંઘ ખૂબ આગળ વધે અને પોતાનો પૂરો વિકાસ સાધે એવી એમની ઝંખના હતી; અને એ માટે તેઓ સતત ચિંતા અને શક્ય પ્રયત્ન પણ કરતા રહેતા હતા.

કાંગડા તીર્થનો ઉદ્ધાર એમના અંતરમાં વસ્યો હતો; અને એ તીર્થની યાત્રા ફરી મોટા પાયે શરૂ થાય એવી એમની ઉત્કટ ભાવના હતી. આપણે તે પૂરી કરવી ઘટે.

અને પંજાબ-હરિયાણાના જૈન સંઘના તો તેઓ શિરછત્ર જ હતા; અને પોતાના ગુરુદેવની આજ્ઞા મુજબ, એમણે આ સંઘની ખૂબ સંભાળ રાખી હતી અને ધર્મભાવનાની ઘણી માવજત કરી હતી. તેઓનો સ્વર્ગવાસ પંજાબ–હરિયાણા સંઘને કેટલો વસમો થઇ પડ્યો હશે એની તો કલ્પના જ કરવી રહી.

જૈન સંઘે તેઓને "જિનશાસનરત્ન"નું બિરુદ આપી પોતાની એમના પ્રત્યેની આભારની લાગણી વ્યક્ત કરી હતી. ખરેખર, તેઓ જૈનશાસનના રત્ન સમા મહાપુરૂષ હતાં.

નિરભિમાનતા, નમ્રતા અને વિવેકશિલતાના અવતાર સમા આપણા આ મહાપુરુષના પુણ્યાત્માને અમારી અંતરની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ; અને આદર્શ શ્રમણ એ સંઘનાયકને ભાવપૂર્વક વંદના કરીએ છીએ.

જય જય નંદા! જય જય ભદ્દા!

બધા સુખી થવા ઇચ્છે છે અને તે માટે પ્રયત્ન કરે છે, પણ એમ છતાં દુઃખી છે, કેમકે સુખનો માર્ગ (ખરો માર્ગ) છોડીને અવળે રસ્તે ચાલે છે.

(ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજી મ.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન ગુરુના મહાન શિષ્ય

('જૈન' પત્રમાંથી સાભાર) લેખક-કાંતીલાલ ડી. કોરા

પરમઉપકારી, યુગદૃષ્ટા આચાર્યપ્રવર શ્રી વિજયના પટ્ટ પ્રભાવક અને ભગવાન મહાવીર વાણીના અનથક પ્રચારક, તપ, ત્યાગ અને કરુણાના મંત્રદાતા આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ મુરાદાબાદ મુકામે મંગળવાર તા. ૧૦મી મે, ૧૯૭૭ના રોજ વહેલી સવારે ૮૬ વર્ષની ઉંમરે, ૬૬ વર્ષનો સંયમધર્મ પાલન કરી સમાધીપૂર્વક કાળધર્મ પામ્યા છે. આત્મ-સાધના સાથે ગુરુભક્તિ અને ગુરુએ અપનાવેલ જીવનકાર્યોને નવપલ્લવિત કરી પુષ્ટિ આપવી તે જીવનમંત્ર હતો, અને આ કાર્યને પરિપૂર્ણ કરવામાં તેઓ સારી રીતે સફળ થઇ શ્રીસંઘમાં નવચેતના પ્રગટાવી હતી. ક્ષમતા, સરળતા, સહનશીલતા, સેવાપરાયણતા અને શીલપ્રજ્ઞા જેવી વિશેષતા તેઓના જીવનમાં વણાયેલ હતી.

આચાર્યશ્રીનો જન્મ રાજસ્થાનમાં પાલી ગામે ૧૮૯૧ની ડીસેમ્બરની ૧૧મી તારીખે મૌન એકાદશીના રોજ થયો હતો. તેઓની સંસારી અવસ્થાનું નામ સુખરાજજી હતું, પિતાનું નામ શોભાચંદજી અને માતાનું નામ ધારિણીદેવી હતું.

સને ૧૯૧૧માં સુરતમાં યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પાસે પ્રવ્રજ્યા લઈ મુનિ સમુદ્રવિજયજી બન્યા. ગણિપદવી અને પંન્યાસપદવી સને ૧૯૩૩માં, ઉપાધ્યાય પદવી સને ૧૯૫૨માં અને આચાર્ય પદવી સંવત ૧૯૫૩માં અર્પણ થઈ હતી.

સર્વ મંગલકારી શ્રમણ જીવનમાં અહિંસા, તપ, સંયમ અને ધર્મશાસ્ત્રોનો આચરણ, અભ્યાસ કરી પોતાના ગુરુની શિતલ અને પવિત્ર છાયામાં રહી, સેવા-સુવિધાના પથીક બન્યા અને ગુરુની અનન્ય સેવાભક્તિ કરી ગુરુજીના અંગરૂપ બની રહ્યા હતા.

પૂ. આત્મારામજી મ૦ અને પોતાના ગુરુજીની પ્રેરણાથી શરૂ થયેલ શિક્ષણ, કેળવણી-વિષયક અને બીજી સંસ્થાઓને નવપલ્લવિત કરી પુષ્ટિ પ્રેરણા આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આચાર્યશ્રીના હૈયામાં રાષ્ટ્રભક્તિ અગ્રસ્થાને હતી. હંમેશા ખાદીનો ઉપયોગ કરવા સાથે ખાદી અને સ્વદેશી ચીજનો પ્રચાર તેઓશ્રીના પ્રવચનનો ધ્વનિ હતો. ચીનના આક્રમણ અને ભારત-પાકિસ્તાનના યુદ્ધ સમયે ભારતવાસીઓને તન, મન અને ધનથી દેશની રક્ષા કરવા પ્રેરણા આપી હતી. દુષ્કાળ કે એવા કુદરતી સંકટો પ્રસંગે રાહતના કાર્યો માટે સતત જાગૃત રહી ભક્તજનોને રાહત આપવા પ્રેરણા આપી હતી.

સાધુ-જીવનની શુદ્ધિ માટે વિશેષ જાગ્રત રહેવું અને સાધ્વીસંઘના વિકાસ માટે પ્રયત્નશીલ થવાની અનિવાર્યતા આચાર્યશ્રીના મનમાં અગ્રસ્થાને રહેતી હતી. તેઓએ એક જાહેર પ્રવચનમાં આ બાબતમાં નીચે મુજબના વિચારો દર્શાવ્યા છે.

"શ્રમણ-શ્રમણી સંઘના આચારની ભૂમિકા જે રીતે નીચી જઈ રહી છે અને સાધુ-સાધ્વીજીવનમાં શિથિલતાને જે આશ્રય મળી રહ્યો છે તે, આપણા અહિંસા-સંયમ-તપ-પ્રધાન, ત્યાગ-વૈરાગ્યના અખંડ તેમ જ ઉત્કટ પાલન ઉપર આધારિત ધર્મના ભવિષ્યને માટે કંઈક ચિંતા ઉપજાવે છે. હું તો શ્રીસંઘનો એક નમ્રાતિનમ્ર સેવક છું, એટલે આ બાબતમા વધારે કહેવું મને ઉચિત નથી લાગતું. મારી તો એટલી જ પ્રાર્થના છે કે આપણા સંઘના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાયક પૂજ્ય આચાર્ય મહારાજે આદિ આ બાબતમાં વિચાર-વિમર્શ કરે અને આ દિશામાં શ્રીસંઘને સમુચિત માર્ગદર્શન કરાવે. અમારા સમુદાયના સાધુ-સાધ્વીઓને મારી ભારપૂર્વક ભલામણ છે કે તેઓ પોતાની સંયમયાત્રામાં વિશેષ જાગ્રત રહે અને પોતાની જરૂરિયાતોને એટલી મર્યાદામાં રાખે કે જેથી દોષ પોષણને કોઇ અવકાશ રહેવા ન પામે. આ બાબતમાં આટલો ઇશારો જ બસ છે."

"ભગવાન મહાવીરે નારીસમુદાયની શક્તિને પિછાનીને એનો મોક્ષનો પૂરો અધિકાર આપવા સાથે પોતાના સંઘમાં આદરભર્યું સ્થાન આપ્યું હતું."

"આ જ તથ્યને ધ્યાનમાં લઈને આપણા યુગદર્શી પરમઉપકારી પૂ ગુરુદેવે (આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે) પોતાના આજ્ઞાવર્તી સાધ્વી સમુદાયને શાસ્ત્રાધ્યયન શાસ્ત્ર-વાંચન તેમજ ધર્મોપદેશની જે અનુજ્ઞા આપી હતી એનું સુપરિણામ સ્વ. પ્રવૃત્તિની સાધ્વી શ્રી દેવશ્રીજી, સ્વ. પ્રવર્તિની સાધ્વી શ્રી દાનશ્રીજી તેમજ એમની શિષ્યા સ્વ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી માણેકશ્રીજી તથા સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજી, કુસુમશ્રીજી, વિદ્યાશ્રીજી, વિનયશ્રીજી, પુણ્યશ્રીજી, પુષ્પાશ્રીજી, જશવંતશ્રીજી, ૐકાર-શ્રીજી અને મૃગાવતીશ્રીજી વગેરે તેજસ્વી, વિદુષી અને ધર્મપ્રવચનનિપૂણ સાધ્વીઓરૂપે શ્રીસંઘની સામે મોજૂદ છે. ગુરુદેવના આ ઉપકારને શ્રીસંઘ ક્યારેય નહીં ભૂલી શકે."

"વિકાસની તક આપણા સમસ્ત સાધ્વી સંઘને આપવામાં આવે અને એમના અધ્યયનને માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. આપણા યુગના શાસનપ્રભાવક આગમોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં સાધ્વીજી શ્રી રંજનશ્રીજીના ઉપદેશથી શ્રી સમ્મેતશિખર મહાતીર્થનો ઉદ્ધાર થયો હતો. તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સમુદાયની વિદુષી સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીએ અમદાવાદમાં ચોમાસુ કરીને કોલેજની વિદ્યાર્થિનીઓ તથા બહેનો માટે જ્ઞાનશિબિર ચલાવીને જૈન ધર્મના તત્ત્વોનો પ્રચાર કર્યો અને વ્યાખ્યાનો પણ આપ્યાં. ખરતરગચ્છમાં સાધ્વીજી શ્રી વિચક્ષણશ્રીજી પોતાની વિદ્વત્તા અને પ્રવચન શક્તિથી લોકોપકારનું મોટું કામ કરી રહેલ છે, સાધ્વીજી શ્રી 'સૂર્યશિશુ' એટલે કે મયણા-શ્રીજીએ પણ ઘણો વિકાસ કર્યો છે. સ્થાનકવાસી તથા તેરાપંથી સંઘમાં પણ સાધ્વીઓ બહુ પ્રભાવશાળી છે. આ બધાં સાધ્વીરત્નોથી ઉત્સાહિત થઇને શ્રીસંઘે સાધ્વીસંઘના વિકાસ માટે પૂરી વ્યવસ્થા કરવી જોઈએ"

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણીનો પ્રસંગ. આ ઉજવણી માત્ર ઉત્સવ બની ન રહેતા રચનાત્મક કાર્યનું સિમાચિન્હ બને તેવો ઉપ-દેશ પ્રેરણા આપતા હતા અને ઉજવણીની ફળશ્રુતિ ધારણા મુજબ થઇ હતી.

ભગવાન મહાવીરની ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ પ્રસંગે રચાયેલ રાષ્ટ્રીય સમિતિના પૂજ્યશ્રી અતિથિવિશેષ હતા. શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવની ઉજવણી થઇ તે પ્રસંગે સૌના દિલમાં ઉજવણીને દરેક રીતે સફળ બનાવવા અને ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કર્યો હતો.

પૂ. આચાર્યશ્રીએ ૮૬ વર્ષના જીવનકાળ દરમ્યાન આત્મકલ્યાણ સાથોસાથ પૂ. ગુરુદેવની માનવકલ્યાણની ભાવનાને વિકસાવી હતી.

સમતાના સાગરસમા સૌના કલ્યાણકારી એ વંદનીય વિભૂતિને આપણા સૌના હાર્દિક વંદન હો!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસારને માર્ગે કેવલજ્ઞાન

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.

વૈતાઢ્ય પર્વતની પાસે 'ચક્રાકાપુરી' નામની નગરી છે. ત્યાં ચક્રાયુધ નામનો રાજા રાજ્ય કરે છે. એને મદનલતા નામની પત્ની છે અને પ્રભંજના નામની પુત્રી છે. એ પુત્રીના લગ્ન પ્રસંગે સ્વયંવરમંડપ રચાવાયો છે અને રાધાવેધ કરનારને પ્રભંજના પરણશે એવી જાહેરાત કરાઇ છે. સમય થતાં પ્રભંજના એક હજાર કન્યાઓ સાથે વનખંડમાં આવી પહોંચી, ત્યાં એણે સાધ્વી સુપ્રતિષ્ઠિતા અને બહોળા પરિવારને વંદન કર્યું. પ્રભંજનાને ખૂબ હર્ષિત જોઇ એ સાધ્વીએ એને પૂછ્યું કે તને આટલો બધો હર્ષ કેમ છે? પ્રભંજનાએ કહ્યું કે ઉત્તમ વર વરવા હું જાઉં છું. એ સાંભળી સાધ્વીએ કહ્યું કે વિષયસેવન વિષ છે; અમૃત નથી. એનાથી હિત ન થાય. ભોગના સંગનું સુખ કારમું છે. એથી રાગ અને દ્વેષ વધે છે. પ્રભંજનાએ કહ્યું કે, આપની વાત સાચી છે. આ અનાદિકાળની ટેવ છે તેથી કાચ ને મણી સમજાય છે. સાધ્વીએ કહ્યું કે મુનિવર અધ્યાત્મરસથી રંગાયેલા છે. એઓ પર પરિણતિથી દૂર છે. પુણ્યબળે તું સંગ પામી છો. એ સાંભળી સૌ કન્યાઓ બોલી ઊઠી કે હમણાં તો ચિંતવેલું કાર્ય અમે કરશું અને પછી પરમપદની સાધના કરશું. પ્રભંજનાને એ વાત ન ગમી. એણે તો ઝટ કહી દીધું કે આ કાયરની વાત છે. હે સખીઓ! શૂરવીર થઈ નિર્મળ ધર્મની આરાધના કરો.

સુપ્રતિષ્ઠિતાએ કન્યાઓને ઉદ્દેશીને કહ્યું કે આ સંસાર અસાર છે, એને હિતકારી સમજનાર ભવમાં ભમે છે વાસ્તે ધર્મનો રંગ ધરો. પહેલાં ખરડાવું તેમ વર્તવું અને પછી ધોવું તે શિષ્ટાચાર નથી. દર્શનાદિની આરાધના કરો અને મોહનો નાશ કરો.

એ ઉપરથી પ્રભંજના ચિંતવવા લાગી કે જીવ અનાદિ અનંત છે. ભવભ્રમણ કરતાં માતા વગેરેનો સંગ મળ્યો છે. સંબંધની શી વાત કરવી? શત્રુ મિત્ર બને અને મિત્ર શત્રુ બને, આરોપિત ભાવને લઇને ઊંચ નીચ ભાસે છે પરંતુ વસ્તુનો સ્વભાવ જોતાં એ ભેદ સાચો નથી પુષ્ટ આલંબનભાવથી ધર્મદશા વિકસે છે. સાધન મળતાં સાધ્ય પૂરું સધાય છે, આત્મિક ભાવ જગાડતા કેવલજ્ઞાન પ્રગટે છે.


આ બાજુ સહસ્ર કન્યાઓએ દીક્ષા લીધી અને પ્રભંજના તો ઉત્તમ ભાવના ભાવતાં ભાવતાં કેવલજ્ઞાની બની તેમ થતાં બધી સાધ્વીઓ એ સન્નારીને વંદન કરે છે, દેવ અને દેવી એના ગુણ ગાય છે. જય જયના ધ્વનિપૂર્વકનો પટહ વાગે છે અને કાલાંતરે પ્રભંજના સિદ્ધમુક્ત બને છે.

આ પ્રમાણેનું પ્રભંજનાનું સંક્ષિપ્ત ચરિત્ર કુશલચંદ્રના શિષ્ય દીપચંદ્રે બે ઢાલમાં ભિન્ન ભિન્ન રાગમાં રચ્યું છે અને એ સજ્ઝાય સંદોહ (પૃ. ૧૭૪–૧૭૫)માં પ્રસિદ્ધ કરાયું છે. હાલ તો એ ઉપરથી મેં આ લખાણ તૈયાર કર્યું છે. પ્રસ્તુત સજ્ઝાયનું રચના વર્ષ કે કુશલચંદ્ર કયા ગચ્છના છે તેનો ઉલ્લેખ આ પ્રભંજનાની સજ્ઝાયમાં નથી. એઓ પાર્શ્વચંદ્રીય ગચ્છના હોય એમ લાગે છે.

પ્રભંજનાનું ચરિત્ર ઘણું પ્રાચીન છે. વસુદેવહિંડીમાં એ આલેખાયું છે. ખરતર ગચ્છના દીપચંદના શિષ્ય કવિ દેવચંદે પ્રભંજના સજ્ઝાય વિક્રમના ૧૮મા શતકમાં રચી છે. એની એક હાથપોથી જે મુંબઈ સરકારની માલિકીની છે અને જે કેટલાંક વર્ષોથી ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરમાં બીજી સરકારી હાથપોથીઓ સહિત રખાઈ છે તેનો પરિચય મેં 'જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર (Descriptive Catalogue of the Govt. c llection of Manuscript Vol xix, sec 2, pt. 2, ph 127–128)માં આપ્યો છે. કેટલીક કડીઓ પણ એમાં મે ઉદ્ધૃત કરી છે. એ પ્રતના લેખકે પ્રસ્તુત સજ્ઝાયનો 'પ્રભંજન ચોપાઈ' તરીકે નિર્દેશ કર્યો છે. વસુદેવહિંડી મળતાં વિશેષ કંઇ કહેવાનું હશે તો તેમ કરવાની મારી ઇચ્છા છે.



For Private And Personal Use Only



સ્વ. પૂ. આ. દે. શ્રી સમુદ્રસૂરીશ્વરજીને અંજલિ !

# ધન્ય ! ધન્ય ! એ અણગાર !

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા

દિલ વિશાળ ‘સમુદ્ર’ શા,
શાસનના શણગાર;
‘ગુરુભક્તિ’ મંત્ર જીવનનો,
ધન્ય ધન્ય એ અણગાર !

પંજાબ કેસરી યુગદ્રષ્ટા, યુગ પ્રવર્તક શાસનના અડીખમ સૈનિક, અને સમાજનાં ઉપકારક સંસ્કાર પિતા....પૂ. આ. દેવ સ્વ. શ્રી વલ્લભસૂરીશ્વરજી....મહાન ગુરુદેવ !

એમનાં અત્યંત આજ્ઞાંકિત, ચુસ્ત ગુરુભક્ત, જિનશાસન દીપક, સમાજોદ્ધારક, પ્રશાંત મૂર્તિ પૂ. આ. દેવ શ્રી સ્વ. સમુદ્રસૂરીશ્વરજી.... સમર્થ શિષ્ય !

એવા મહાન ગુરુદેવના સમર્થ શિષ્ય, સ્વ સમુદાયને રવડતાં અને જૈન સમાજને રડતો મૂકી સ્વર્ગે સિધાવ્યા ! ભક્તોને રડતા મુકી ભગવાન ચાલ્યા ગયા ? કે ઋણ ચૂકવી એ પુણ્યાત્માએ સહજ વિદાય લીધી ? અમારૂં અંતર પૂછી રહ્યું છે ! કોણ ઉત્તર આપે ?

અરે ! જૈન શાસનને તો એક મહાન–ન પૂરાય તેવી-ખોટ પડી ગઇ ! કેટકેટલા શાસન–પ્રભાવક કાર્યો, અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ, સંક્રાંતિ ઉત્સવ, ઉપધાન તપ, દીક્ષાદિ ઉત્સવો, પૂજનો, મહાપૂજનો....કેવા ગુંજતા હતા ! શાસનનાં કામો માટે ન જોઇ રાત, ન જોયો દિ’ ! નહિ આરામ, નહિ વિરામ ! દિલ દઈ કામે લાગી જવુ, શાસનનો જય જયકાર કરવો ! બસ એ જ ઝંખના ! એમાં આજે ઝાંખપ આવી !

અને કેવો ‘ગુરુદેવ’ પ્રત્યે સમર્પણભાવ ! જાણે ‘ગુરુ’માં જ શિષ્ય સમાઈ જતાં. પડ્યો બોલ ઝીલવો, થતી આજ્ઞા માથે ચડાવવી, અપાતા આદેશનો અમલ કરવો ! સમર્થ સેનાપતિનાં એક શક્તિશાળી સૈનિક !

જાણે સદ્‌ગુણોનો તો ભંડાર ! વાહ, એમની નમ્રતા ને સમતા ! શી એમની સરળતા ને લઘુતા ! એમની સજ્જનતા ને ઉપકારાકતાની તો વાત જ શી ? ધન્ય એમનું શીલ ! ધન્ય એમનું ચારિત્ર !

ને દિલ તો એમનું સાગર શું વિશાળ ! શિષ્યો કે ભક્તો કાલું–ઘેલું, ગાંડુ–ડાહ્યું, સાચું -ખોટું, કડવું–મીઠું બોલે તોયે એમને માઠું ન લાગે, ન ફુલાય ! ગુણ ગ્રહવા, દોષ દફનાવવા ! સૌને સારી શીખ આપવી, ધર્મ પમાડવો, સાચે રસ્તે દોરવો, કોઈને અવગણવો નહિ, ધૂતકારવો નહિ, પણ અપનાવવો, સ્વીકારવો ! અને સજ્જન સદ્‌ધર્મી બનાવવો ! જાણે વિશાળ વડલો, સૌને આપે છાંયડો ! વાહ ગુરુવર્ય, કેવું વિશાળ દિલ ! કેટલું મોટું મન !

વળી સમાજના તો આધાર–સ્થંભ ! સાધર્મિકને જુએ ને વાત્સલ્યનો ઝરો વહે ! મારો શ્રાવક, મારી શ્રાવિકા કહી એને આલંબન આપે, અપનાવી લે, શકય તેટલા એના દુઃખ દારિદ્ર ટાળે ! એનાં દિલ-દિમાગ ઉજાળે ! પ્રેરણાનાં પિયુષ પાઈ એનાં અંતર ઠારે ! વાહ સમાજનાં પ્રૌઢ પિતામહ !

જ્યારે શ્રમણ-શ્રમણી મળે-ગમેતે સમુ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાયના હોય–આનંદ વિભોર બને, હર્ષના અશ્રુ વહે! સુખશાતા પૂછે, એકમેક બની જાય! સાથે બેસે, સાથે ઉઠે, સાથે વાપરે, સાથે આચરે! ધન્ય પ્રેમળ જ્યોતિસંત! વાહ, મહામના મહંત!

આજે ઓ 'સમુદ્ર'શા વિશાળ દિલવાળા 'સૂરિજી' શ્રાવકો ને શ્રાવિકાઓ, શ્રમણો ને શ્રમણીઓ, તમારા વિષમ વિયોગે વિલાપી રહ્યા છે, દ્રવતા દિલે કહી રહ્યા છેઃ 'ઓ પ્યારા ગુરુદેવ, આપે અમને અળગા કર્યા પણ અમે આપને નહિ છોડીએ, નહિ ભુલીએ! આપની પ્રેરણાનાં પિયુષ પીતા, અને દેવ–ગુરુ–ધર્મને અનુલક્ષી આપેલ આપના ઉપદેશને આકાર કરતા, આપનો આદેશ ઝીલતા આપશ્રીએ કંડારેલ કેડીએ શ્રદ્ધાપૂર્વક આગળ ધપીશું.

ઉપકારી ગુરુવર્ય! આપના પ્રેરક પ્રવચનો અને વેધક વાણીનો ધ્વનિ આજે પણ અમારા કાનમાં ગુંજી રહ્યો છે! એને અનુસરી આપશ્રીએ ચીંધેલ ધર્મકાર્યોમાં આગળ ધપતાં ધર્મનો ધ્વજ ફરકાવીશું. અને શાસનની ઉન્નતિ ને સમાજનો ઉત્કર્ષ સાધતા આપને પગલે ચાલીશું, આપની જય બોલાવીશું.

જિન શાસન દીપક, સમાજ ઉદ્ધારક, ગુરુ ભક્ત, ભક્ત વત્સલ પૂ આચાર્યદેવ શ્રી સમુદ્ર· સૂરીશ્વરજી ગુરુદેવકી જય! ધન્ય શાસન શણગાર! ધન્ય અનન્ય એ અણગાર!

બાળ સમા ભક્તો અમે,
વિયોગે વિરહી રહ્યા;
શીલ સંયમ તમે ઝીલતા,
ભક્તિતણા ઝરણા વહ્યા !!!

卐

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાંભળ્યા વિના પણ ધર્મ પામે

( હપ્તો બીજો ) લેખક-પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. ( કુમારશ્રમણ )

અંક-૭ પૃષ્ટ ૧૮૦ પછી

ગૌતમસ્વામીએ પૂછ્યું કે આવો અનાગાર ધર્મ શી રીતે પ્રાપ્ત થાય છે ?

(૫) બ્રહ્મચર્યધર્મ :

આઠ પ્રકારના મૈથુન કર્મનો ત્યાગ જ બ્રહ્મચર્ય છે. કેમકે-આત્મામાં મૈથુન વાસના અને બ્રહ્મચર્ય એકીસાથે રહી શકતી નથી મતલબ કે આ બંને તત્ત્વો હાડવૈરી છે. વૃદ્ધ અનુભવીઓ પણ કહે છે કે 'જ્યાં મૈથુન વાસના છે ત્યાં ભાવ બ્રહ્મચર્ય નથી, અને જ્યાં ભાવ-બ્રહ્મચર્ય છે ત્યાં મૈથુન વાસના અને ચેષ્ટા નથી. કેમકે મૈથુનવાસના કે ચેષ્ટામાં દ્રવ્યબ્રહ્મચર્ય પણ રહેતું નથી તો ભાવબ્રહ્મચર્યની શકયતા કયાંથી હોય ?

મૈથુનના આઠ પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) સ્મરણમૈથુન :

સર્વાંશે કે અલ્પાંશે પણ ભોગવાયેલી સ્ત્રી કે ભોગવાયેલા પુરૂષની મિઠ્ઠી મધુરી રાત્રિઓને પુનઃ પુનઃ યાદ કરતા રહેવું તેને સ્મરણમૈથુન કહે છે. શાસ્ત્રકારો તો ત્યાં સુધી કહે છે 'પુરૂષને સ્ત્રીનો ત્યાગ કે સ્ત્રીને પુરૂષનો ત્યાગ કદાચ શકય બની શકે છે, પણ પરસ્પર થયેલા ભોગવિલાસોની સ્મૃતિનો ત્યાગ અત્યંત કષ્ટસાધ્ય હોય છે; માટે સ્મરણમૈથુનને ભાવમૈથુન કહેવામાં વાંધો નથી.

(૨) કીર્તન મૈથુન—

ભોગવાયેલી, ત્યજ્યાયેલી કે મૃત્યુ પામેલી સ્ત્રીઓના કે પુરૂષના ભોગ સમયે થયેલી મધુરી વાતોનું-ચેષ્ટાઓનું ફરી ફરીથી કથન કરવું તે કીર્તન મૈથુન છે.

(૩) કેલિ મૈથુન—

ભોગ્યપાત્ર સાથે ભોગવાઈ ગયેલા ભોગોને યાદ કરીને સ્વપ્નમાં પણ ભોગી જીવનની પ્રશંસા કરવી અને ફરીથી તેવા ભોગો સ્વપ્નમાં પણ મળે તેવી ચાહના કરવી તે કેલિ મૈથુન છે.

(૪) પ્રેક્ષણ મૈથુન—

ભોગવાયેલી સ્ત્રીના કે પુરૂષના રૂપરંગ તથા વિલાસિતાનું આરોપણ બીજી સ્ત્રી કે પુરૂષમાં કરીને તેના રૂપરંગને જોઈ પોતાના ભોગ્યને યાદ કરી ઊંડા નિસાસા મૂકવા અથવા બીજા પુરૂષના કે સ્ત્રીના અંગોપાંગ, વેષપરિધાન, વિલાસી ચાલ કે તેની બીજી પણ ચેષ્ટાઓને જોઇને પોતાના માનસિક જીવનમાં ચંચલતાને ઉત્પન્ન કરવી તે પ્રેક્ષણ મૈથુન છે.

(૫) ગુહ્ય ભાષણ મૈથુન—

બે મિત્રો કે સહિયરો વચ્ચે ભોગવિલાસના અષ્ટાંગો તથા ૮૪ આસનો સંબંધી મૈથુન કર્મને લગતી જ ચર્ચામાં ગળેડૂબ રહેવુ તે ગુહ્ય ભાષણ છે.

(૬) સંકલ્પ મૈથુન—

મૈથુન સંબંધીના સંકલ્પો(વિચારો) કરવા અથવા તો તેવા પ્રકારના દશ્યો-ચિત્રો તથા કથાનકોને જોઈ-વાંચીને માનસિક જીવનમાં મૈથુનકર્મના ભાવ રાખવા.

(૭) અધ્યવસાય મૈથુન—

અધ્યવસાય એટલે આત્મિક પરિણામ. જેમનાં માનસિક કે વાચિક વિચારો ખરાબ હશે તેમનાં આત્મિક પરિણામોમાં ગમે ત્યારે પણ ખરાબી આવ્યા વિના રહેતી નથી. માટે ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું કે 'ઓ માનવ! બ્રહ્મનિષ્ઠ કે નૈષ્ઠિક બ્રહ્મચારી થવા માટે...."अप्पा चेव दमियव्वो...." આ કથનને ચરિતાર્થ કર્યા વિના સંસારભરની એકેય પ્રાણાયામાદિક ક્રિયાઓ કામે લાગવાની નથી. કેમ કે આત્માને શુદ્ધ સ્વરૂપના લક્ષ્ય સ્થાને પહોંચાડ્યા વિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારભરના સારામાં સારા નિમિત્ત કારણો પણ લગભગ સફળીભૂત થતા નથી.

(૮) ક્રિયાનિવૃત્તિ મૈથુન :

ઉપર પ્રમાણેના સાતે મૈથુનભાવોમાં મસ્ત બનીને એક દિવસે સાક્ષાત્ કે સ્વપ્નમાં મૈથુન સેવન કરવું તે ક્રિયાનિવૃત્તિ મૈથુન છે.

વ્યવહારનયમાં આઠમું ક્રિયા મૈથુન ભલે ખરાબ મનાયું હશે, પણ નિશ્ચયદષ્ટિએ આઠમાના પ્રેરક ઉપરના સાતે મૈથુનો આત્માનું અધઃપતન જ કરાવે છે, કેમકે–આનાથી મૈથુન સંજ્ઞા બલવતી બનીને ભવભવાંતરને માટે કુસંસ્કારોની વૃદ્ધિ કરનારા છે.

અને જ્યાં સુધી દુસ્ત્યાજ્ય મૈથુન સંજ્ઞા માટે જોરદાર વ્યૂહ રચના મંડાતી નથી ત્યાં સુધી બ્રહ્મચર્યધર્મ પણ આરાધિત થતો નથી.

ગૌતમસ્વામી પૂછે છે કે હે પ્રભો ! આવા પ્રકારનો બ્રહ્મચર્યધર્મ શી રીતે પ્રાપ્ત થાય છે ?

(૬) સંયમ યતના :

સમ્યક્ચારિત્રના પાલનમાં આત્માને ઉપયોગવંતો રાખવો તેને યતના કહે છે અથવા આત્મામાં સતત જાગૃતિ, જ્ઞાનમાર્ગમાં આત્માની મસ્તી તથા પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે સર્વથા ઉદાસીનતાને 'યતના' કહે છે. આવી સંયમ યતના શાથી પ્રાપ્ત થાય ?

(૭) સંવરધર્મ :

"મારા કર્મોની નિર્જરા કરું" આવા ખ્યાલાત વિના પણ સત્તામાં પડેલા કર્મોની નિર્જરા ગમે તેટલી થતી હશે તો ય આત્માનું કલ્યાણ થઈ શકે તેમ નથી. કેમ કે અનાદિ કાળથી આત્માના પ્રદેશો ઉપર અનંત કર્મો બંધાયા છે અને અકામ નિર્જરાએ તેમની નિર્જરા પણ થઈ છે. છતાં એ આત્માનું સંસારિત્વ ઓછું થયું નથી અને ભવભ્રમણા મટી નથી. કારણમાં કહેવાયું છે કે અજ્ઞાનાવસ્થામાં જેટલાં કર્મો નિર્જરાય છે તેનાથી કોઈક સમયે લાખો-કરોડોગુણા વધારે નવાં કર્મો પણ બંધાયા છે. આવી સ્થિતિમાં આત્માની દશા શી રીતે સુધરે ?

માટે દયાના સાગરસમા તીર્થંકરદેવોએ કહ્યું કે, હે સાધક ! સૌથી પહેલાં તું સંવરધર્મનો પાઠ ભણી લેજે. જેથી તારો આશ્રવ માર્ગ બંધ થશે, જેથી નિર્જરા તત્ત્વની આરાધના સર્વથા લાભદાયિની બનશે.

આજના સંસારની કરૂણતા હોય તો એટલી જ છે કે આપણે સૌ જીવોના ભેદ-પ્રભેદ, તેમનાં શરીરની અવગાહના, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તથા સિદ્ધશિલાની ચર્ચા, શાશ્વતા બિંબોની સંખ્યા અને મેરૂપર્વતની લંબાઈ ચોડાઈ માપવામાં જ લાગી ગયા છીએ. પરંતુ આપણા આત્માના કટ્ટર શત્રુ અને મિત્ર જેવા આશ્રવ અને સંવરને ઓળખવામાં બહુજ મોડા પડી ગયા છીએ. માટે જ પાપના દ્વારો બંધ કરવા માટે બાર વ્રત સ્વીકાર કરી શક્યા નથી અને 'જૈનત્વ'ના અનુરાગી પણ થયા નથી.

ગૌતમસ્વામીજી ભગવંતને પૂછે છે કે 'કેવળજ્ઞાની આદિના સાંભળ્યા વિના પણ આવો સંવરધર્મ શી રીતે પ્રાપ્ત થાય છે ?'

૮ થી ૧૨ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન :

યદ્યપિ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના આવરણ કર્મો લગભગ જુદા છે, તો પણ પરસ્પર એકબીજાના કાર્યકારણ ભાવે હોવાથી સાધક માટે :—

(૧) રાગ–દ્વેષ અને કામક્રોધને ઉપશમ કરવાં.
(૨) મોહવાસના આદિને સંયમિત કરવાં.
(૩) માન તથા લોભને મર્યાદિત કરવાં.
(૪) સન્માન અને તિરસ્કારનું દમન કરવું.
(૫) તથા સ્વાધ્યાય, તપ અને ત્યાગનું પોષણ કરવું.

આ પ્રમાણે જીવન બનાવવાથી સમ્યગ્દર્શન શુદ્ધ બનશે. તેમ છતાં મતિજ્ઞાન પણ વિકસિત બનવા પામશે. સાથોસાથ શ્રુતજ્ઞાનમાં પવિત્રતા વધવા પામશે અને જેમ જેમ સમ્યગ્જ્ઞાન વધતું જશે તેમ તેમ સમ્યગ્દર્શનમાં પણ સ્થૈર્ય આવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગમ સાહિત્ય

ડૉ. રમણલાલ શાહ (આકાશવાણીના સૌજન્યથી)

"તીર્થંકર" શબ્દ જૈનોનો પારિભાષિક શબ્દ છે. જે તારે તે તીર્થ અને જે ધર્મતીર્થ પ્રવર્તાવે તે તીર્થંકર. સંસારરૂપી સમુદ્રમાંથી પાર ઉતારવા માટે–જીવાત્માઓ માટે તીર્થ એટલે કે ઘાટની જેઓ રચના કરે છે તે તીર્થંકર. જે મહાન આત્માઓ પોતાની ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી, રાગદ્વેષને જીતી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘરૂપી જંગમ તીર્થની સ્થાપના કરી, સંસારના જીવોના ઉદ્ધાર માટે ભગીરથ કાર્ય કરે છે તે તીર્થંકર ભગવંત કહેવાય છે. નિશ્ચિત કાળમર્યાદામાં આવા ચોવીસ તીર્થંકર થાય છે. વર્તમાન ચોવીસીમાં પહેલા તીર્થંકર તે ભગવાન ઋષભદેવ છે અને છેલ્લા તીર્થંકર તે ભગવાન મહાવીર સ્વામી છે, જેમનો પચીસસોમો નિર્વાણ કલ્યાણક મહોત્સવ હમણાં ઉજવાઈ ગયો.

જૈન ધર્મની માન્યતા પ્રમાણે તીર્થંકરોએ આપેલો ઉપદેશ એમના ગણધરો દ્વાદશાંગીમાં એટલે કે બાર અંગમાં ગૂંથી લે છે. અઢી હજાર વર્ષ પૂર્વે ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરે આપેલો ઉપદેશ એમના ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે અગિયાર ગણધરોએ દ્વાદશાંગીમાં ઉતારી લીધો હતો. જૈન દર્શનને સમજવા માટે ભગવાને પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમને ત્રિપદી કહી–એટલે કે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને એ ધ્રુવ પણ હોય છે. આ સૂત્રને લક્ષમાં રાખી ગણધરોએ જે દ્વાદશાંગીની બાર અંગની રચના કરી તેના નામ આ પ્રમાણે છે. ૧ આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬ જ્ઞાતાધર્મકથા, ૭ ઉપાસક દશા, ૮ અંતકૃદશા, ૯ અનુતરોપપાતિક, ૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાક સૂત્ર અને ૧૨ દષ્ટિવાદ.

ભગવાન મહાવીરનો ઉપદેશ શ્રુતજ્ઞાનના રૂપમાં ગુરૂશિષ્યની પરંપરા દ્વારા પ્રચલિત રહ્યો હતો. ભગવાનના નિર્વાણ પછી પણ ઘણાં વર્ષ સુધી એમના ઉપદેશની અખંડિત મુખપાઠ પરંપરા ચાલ્યા કરી જે સાધુઓને ભગવાનનો બધો જ ઉપદેશ કંઠસ્થ રહેતો તેઓ શ્રુતકેવલી કહેવાતા. સમય જતાં શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીના વખતમાં મગધમાં બાર વર્ષ સુધી મોટો દુકાળ પડ્યો એટલે ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં કર્ણાટક તરફ ચાલ્યા ગયા અને ત્યાર પછી કેટલેક વર્ષે તેઓ નેપાળ તરફ ગયા. પરિણામે સામાજિક અને ધાર્મિક અસ્તવ્યસ્ત પરિસ્થિતિમાં પરંપરાથી જળવાઈ રહેલું શ્રુતજ્ઞાન છિન્નભિન્ન થઇ ગયું અને કેટલુંક તો લુપ્ત પણ થઇ જવા લાગ્યું. એટલે તે સમયના જૈન સંઘને લાગ્યું કે સમયસર જો શ્રુતજ્ઞાન એકત્રિત અને વ્યવસ્થિત કરી લેવામાં નહિ આવે તો બધું છિન્નભિન્ન અને લુપ્ત થઈ જશે. એ માટે ઇ. સ. પૂર્વે આશરે ૩૦૦ વર્ષના ગાળામાં મગધમાં પાટલીપુત્રમાં સંઘ એકત્રિત થયો. જુદા જુદા આચાર્યો પાસે એ સમયે જેટલું જ્ઞાન હતું તે એકત્રિત કરતાં માલૂમ પડયું કે 'દૃષ્ટિવાદ' નામનું જે બારમું અંગ છે તે તો સાવ લુપ્ત થઈ ગયું છે, પરંતુ બાકીના અગિયાર અંગો સચવાઇ રહ્યાં છે. સમય જતાં ગુરુશિષ્યની મુખપાઠની પરંપરામાં ક્રમેક્રમે શિથિલતા આવતી ગઈ અને એ અગિયાર અંગોમાંથી કેટલાક અંશો લુપ્ત થઇ જવા લાગ્યા. એથી ઇ. સ. ૪૫૪માં સૌરાષ્ટ્રમાં વલ્લભીપુરમાં દેવર્ધિગણિના પ્રમુખપદે સંઘ એકઠો થયો, તેમાં બધા ગ્રંથોને ઉપલબ્ધ સામગ્રીના પાઠનિર્ણયો થયા અને એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથોને વ્યવસ્થિત અને નિશ્ચિત સ્વરૂપે લિપિબદ્ધ કરવામાં આવ્યા આ એક ઘણું મોટું ઐતિહાસિક કાર્ય થયું. લિપિબદ્ધ થવાથી એ અગિયારે આગમગ્રંથો કાયમ માટે સચવાઈ રહ્યાં, જે અત્યારે પણ ઉપલબ્ધ છે. દેવર્ધિગણિની સભાએ સાથે સાથે બીજું પણ એક મહત્ત્વનું કાર્ય કર્યું. ભગવાન મહાવીરની ઉપદેશવાણી ઉપરથી એમના સમયમાં અને એમના સમય પછી કેટલાક આચાર્યોએ જે કેટલીક ગ્રંથ રચનાઓ કરી તેને પણ એકત્રિત–વ્યવસ્થિત અને લિપિબદ્ધ કરવાનું કાર્ય આ સભાએ કર્યું. એ રીતે અગિયાર અંગ ઉપાંગ, બાર ઉપાંગ, દસ પ્રકીર્ણક, છ છેદસૂત્ર, ચાર મૂલસૂત્ર અને બે ચૂલિકા સૂત્ર એમ બધું મળીને કુલ પિસ્તાલીસ ગ્રંથોને વ્યવસ્થિત અને લિપિબદ્ધ કરવામાં આવ્યા અને એ બધાને આગમગ્રંથ તરીકે સ્વીકારવામાં આવ્યા. આમ પિસ્તાલીશ આગમગ્રંથોના અંગ ઉપાંગ, પ્રકીર્ણક, ઈત્યાદિ વિભાગ પાડવામાં આવ્યા છે. આ બધા ગ્રંથોની ભાષા અર્ધમાગધી છે, કારણ કે ભગવાન મહાવીરે લોકો સરળતાથી સમજી શકે એ માટે લોકોની ભાષા અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો હતો. આગમોનું રહસ્ય જુદા જુદા વર્ગના લોકોને વિસ્તારથી સમજાવવા માટે ભદ્રબાહુસ્વામી અને બીજા સાધુઓએ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાના પ્રકારના ગ્રંથોની રચના પ્રાકૃતમાં અને સંસ્કૃતમાં, પદ્યમાં અને ગદ્યમાં કરેલી છે.

આમ પિસ્તાલીસ આગમોમાં અગિયાર અંગ પ્રાચીન છે અને એમાં પણ "આચારાંગસૂત્ર" સૌથી વધુ પ્રાચીન અંગ છે. ક્રમની દૃષ્ટિએ અને મહત્ત્વની દૃષ્ટિએ પણ એ પ્રથમ અંગ છે. ભદ્રબાહુસ્વામીએ "આચારાંગ" ઉપરની પોતાની નિર્યુક્તિમાં કહ્યું છે કે "આચારાંગ બધા શાસ્ત્રગ્રંથોના સારરૂપ છે" તેમાં મોક્ષના ઉપાયનું વર્ણન છે. "આચારાંગ" બે ખંડમાં વિભક્ત છે, પહેલા ખંડનું નામ છે બ્રહ્મચર્ય અને બીજા ખંડનું નામ છે આચારાંગ. "આચારાંગ"માં સાધુઓના ચારિત્રપાલનના નિયમોનું વિગતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, પાંચ મહાવ્રતોનું પાલન, કામ, ક્રોધ, લોભ અને મોહ એ ચાર કષાયો ઉપર વિજય અને મન, વચન તથા કાયાથી વિરતિ એમ સત્તર પ્રકારે સંપૂર્ણ સંયમ પાળનાર વ્યક્તિ મોક્ષની અધિકારી બની શકે છે. ભગવાન મહાવીરસ્વામીએ કેવી ઘોર તપશ્ચર્યા કરી હતી અને પોતાના જીવનમાં સંયમનું કેવી કડક રીતે પાલન કર્યું હતું તેનું ધ્યાન પણ "આચારાંગ"માં આપવામાં આવ્યું છે. ભગવાન મહાવીરનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આ રીતે સૌ પ્રથમ આપણને "આચારાંગ"માં જોવા મળે છે.

"સૂત્રકૃતાંગ"માં મુનિઓનાં આચાર અને જૈનધર્મના સિદ્ધાંતોના નિરૂપણ ઉપરાંત તે સમયે પ્રચલિત અન્ય દર્શનોના સિદ્ધાંતોનું અને જુદા જુદા વાદોનું નિરૂપણ થયું છે. પંચમહાભૂતિકવાદ, અક્રિયાવાદ, અકારવાદ, નિયતિવાદ, લોકવાદ, ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ, હસ્તિતાપસવાદ ઈત્યાદિ ઘણા જુદા જુદા વાદોના નિરૂપણ-નિરસન ઉપરાંત કર્મનું વિદારણ, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો, નારકોની વેદના, સમાધિ, શિષ્યોનો ધર્મ, આહારની ગવેષણા, પ્રત્યાખ્યાનની આવશ્યકતા વગેરે વિષયોનું તેમાં નિરૂપણ થયું છે.

"સ્થાનાંગ" અને "સમવાયાંગ"માં ભિન્ન ભિન્ન તત્ત્વોના ભેદપ્રભેદનું એમની સંખ્યાના ક્રમની દૃષ્ટિએ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. "વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ"માં પ્રશ્નોત્તરરૂપે જુદા જુદા પદાર્થો અને સિદ્ધાંતોનું વિવરણ કરવામાં આવ્યું છે. જીવ આદિ છ દ્રવ્યો, કર્મસિદ્ધાંત, સ્યાદ્વાદ, દેવો અને નારકનું સ્વરૂપ, વિજ્ઞાન, ખગોળ અને ભૂગોળની બાબતો તથા સ્કંદક,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જમાલિ, ગોશાલક વગેરેનાં ચરિત્રો આ આગમમાં લેવાયાં છે. 'જ્ઞાતાધર્મકથા''માં મેઘકુમાર, નંદમણિયાર, તેતલીપુત્ર વગેરેની કથાઓ દ્વારા શ્રદ્ધા, તપ, સંયમ, વૈરાગ્ય, ઈત્યાદિનો ઉપદેશ આપવામાં આવ્યો છે. "ઉપાસકદશા"માં આનંદ, કામદેવ, ચુલનીપિતા વગેરે તે સમયના દસ શ્રાવકોના પ્રસંગોનું અને ગૃહસ્થોએ પાલન કરવાના ધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. "અંતકૃતદશા"માં અંતસમયે કેવળજ્ઞાન પામી અંતમુહૂર્તમાં મોક્ષે ગયા હોય તેવા અંતકૃત કેવલીઓની કથા આપવામાં આવી છે. "અનુત્તરોપપાતિક"માં દસ મુનિઓના ચારિત્રનું વર્ણન છે. અભયકુમાર, ચેલણાપુત્રો, ધારિણી પુત્રો વગેરે દસ વ્યક્તિઓએ ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ ઘોર તપશ્ચર્યા કરી, ભયંકર ઉપસર્ગો સહન કરી, અનુત્તરવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. "પ્રશ્ન વ્યાકરણ"માં હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ એ પાપોનું અને તે નિવારવા માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ મહાવ્રતો અને એની ભાવનાઓનું નિરૂપણ થયું છે. "વિપાકસૂત્ર"માં પુણ્ય અને પાપનાં ફળોનું વર્ણન મૃગાપુત્ર, શકટ, બૃહસ્પતિદત્ત, નંદિષેણ વગેરેના કથાનકો દ્વારા કરાયું છે.

અગિયાર આગમો ઉપરાંત બાર ઉપાંગ, દસ પ્રકીર્ણક, છ છેદસૂત્રો, ચાર મૂલસૂત્રો અને બે ચૂલિકાસૂત્રોમાં જગતના જીવ-અજીવ વગેરે પદાર્થોનાં રૂપ, ગુણ, પ્રકાર ઈત્યાદિ, સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને નક્ષત્ર, દેવ અને નારકના જીવોનો ઉપપાત, પ્રાર્થના, પ્રાયશ્ચિત, મોક્ષગમન, જ્યોતિષ, શરીર વિદ્યા, ગુરૂશિષ્યનાં લક્ષણો, સાધુસાધ્વીઓના ધર્મો, આત્મોન્નતિનાં સોપાનો, પાંચ પ્રકારનાં જ્ઞાન અને એનું સ્વરૂપ, વિવિધ પ્રકારની સંખ્યાઓ, કાવ્ય, સંગીત, વ્યાકરણ વગેરે વિદ્યાઓ, તપના પ્રકારો ઈત્યાદિ ઘણા બધા વિષયોનું પુષ્કળ દૃષ્ટાંતો અને કથાઓ સાથે, તર્કયુક્ત અને તલસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું છે.

આમ, જૈન આગમગ્રંથોમાં અણુ–પરમાણુથી માંડીને સમગ્ર વિશ્વનું અને જીવાત્માના મોક્ષ સુધીના ઉન્નતિક્રમનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જગતના તમામ ક્ષેત્રના વિષયો અને સમસ્યાઓનું સૂક્ષ્મ માર્ગદર્શન આગમગ્રંથોમાંથી સાંપડે છે. આથી જ જૈન આગમગ્રંથો આપણી ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.

## અંતરનો ખોટો ચોપડો

તેં તો નામું રાખ્યું છે અલ્યા વાસી, ખાતાવહી દોરી નથી,
જોને હૈયાનો ચોપડો તપાસી, કિતાબ તારી કોરી નથી. તેં૦
મન મેલાં ને કપડાં ધોળાં, પહેર્યાં ડાઘ એકે નથી,
ગડમથલો અનેક ધોળાં કાળાં, ગોટાળા, ખાધ ઓછાં નથી. તેં૦
જમા જોતાં છે શૂન્ય, પુણ્ય ખૂટ્યાં ધર્મ દિલ ધરવો નથી,
પ્રભુ મોઢે ઉચ્ચાર દિલે સર્પો, અલગ સ્વાર્થ કરવો નથી. તેં૦
હજી ચોપડે ઉધારજમા, કરતાં પ્રભુથી ડરતો નથી,
મણિ શાંતિને સાચી લક્ષ્મી, બંનેને સાથ તારે કરવો નથી. તેં૦

—મણિભાઈ પાદરાકર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપરાધી કોણ ?

લેખક-સ્વ. સાધ્વી શ્રી ઉજજવળ કુ.

આજકાલ સમાજમાં ચોરીઓ વધતી જાય છે; તે ચોરીનું પાપ, ચોરી કરનારને ફાળે તો જાય જ છે, પરંતુ તે ઉપરાંત સમાજની પરિસ્થિતિ તરફ ધ્યાન ન આપનારા અન્ય મનુષ્યો પણ પરોક્ષ રીતે તે ચોરીના પાપના અમુક અંશે ભાગીદાર ગણાય છે. આજે એક બાજુ કારખાનાઓ ઢગલાબંધ માલ ઉત્પન્ન કરી રહેલ છે, ત્યારે બીજી બાજુ ઉદ્યોગપતિઓ અને શ્રીમંતોની શોષણનીતિ અને સંગ્રહખોરી દરરોજ નવા નવા ઢગલાબંધ ચોરો ઉત્પન્ન કરી રહેલ છે.

માળવાનું એક પ્રસિદ્ધ ઉદાહરણ છે. ધારાનગરીના જીનદાસ શેઠ એકવાર ધર્મસ્થાનકમાં સામાયિક કરવા ગયા. ધર્મસ્થાનકમાં જઈને તેણે વસ્ત્રો ઉતાર્યા. તેની સાથે એક મૂલ્યવાન હાર પણ કાઢીને વસ્ત્રમાં મૂક્યો અને સામાયિક કરવા બેઠા. તેટલામાં એક ગરીબ વણિક આવ્યો. શેઠના બારીક કપડાંમાંથી સોનાનો હાર તેના જોવામાં આવ્યો. આ વણિકની સ્ત્રી અને બાળકોને કેટલાયે દિવસ થયા ખાવાને મળ્યું નહોતું, એટલે આ હાર જોઈને તે વિચારવા લાગ્યો. 'જો હું આ હાર લઈ લઉં તો તેના પર કોઈ મને રૂપિયા ધીરશે અને તે રૂપિયાથી હું ધંધો કરી, આજીવિકા સુખેથી ચલાવી શકીશ; સારા દિવસો આવ્યે હાર છોડાવી શેઠને પાછો આપી શકાશે. સરોવરમાંથી પક્ષીઓ પાણી પી જાય તો સરોવરનું પાણી કંઇ ઘટી જતું નથી, તેમની અખૂટ સિદ્ધિમાંથી હું આ હાર લઇશ તો તેમને કાંઇ ઓછું થવાનું નથી; વળી મારે તો તે વ્યાજ સહિત પાછો આપી દેવો છે ને?' એમ વિચારી, મનનું સમાધાન કરી તેણે શેઠના કપડાંમાંથી હાર કાઢ્યો અને ચાલતો થયો. ઘેર ગયા પછી, તેણે પોતાની સ્ત્રીને વાત કરી અને તેની સલાહ મુજબ તે હાર તેણે જીનદાસ શેઠને ત્યાં જ ગીરવી મૂકવાનો નિર્ણય કર્યો.

બીજી બાજુ શેઠ સામાયિકમાંથી ઉઠ્યા અને કપડાં પહેરવા માંડ્યા ત્યારે હાર મળ્યો નહિ; શેઠને થયું કે કદાચ ઘેર રહી ગયો હશે. પરંતુ ઘેર આવીને તપાસ કરી તો તેની દીકરીએ કહ્યું કે તે તો તમે પહેરીને જ ગયા હતા. શેઠ વિચારમાં પડ્યા. ઉપાશ્રયમાં એક વણિક સિવાય તો કોઈ હતું જ નહિ; શું તે હાર લઈ ગયેલ હશે?

આ પ્રમાણે શેઠ વિચારી રહ્યા હતા તેટલામાં તો પેલો વણિક હાર લઇને શેઠને ત્યાં આવ્યો અને હાર ગીરો રાખીને, રૂપીયા વ્યાજે ધીરવાની શેઠને વિનંતિ કરી. શેઠ આખી પરિસ્થિતિ સમજી ગયા. શેઠે કહ્યું : 'ભાઈ, હારની કાંઈ જરૂર નથી, રૂપીયા જોઇતા હોય તો અંગ ઉધાર લઈ જાઓ.' પેલા ભાઇએ એમને એમ રૂપીયા લઇ જવાની ના પાડી, એટલે શેઠે હાર રાખીને આપ્યા.

તેના ગયા પછી શેઠ વિચારવા લાગ્યા : 'તેણે હાર ચોર્યો તેમાં તેનો દોષ નથી; દોષ તો મારો જ ગણાય. હું જ્ઞાતિનો શેઠ કહેવાઉં છું, તો દરેક જ્ઞાતિબંધુની પરિસ્થિતિથી મારે જ્ઞાત રહેવું જોઇએ; કામધંધા વિનાનાને કોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ જાતનું કામ આપવા માટે મારે કાળજી રાખવી જોઈએ ' શેઠને પોતાની ફરજ ચૂકવા બદલ પશ્ચાત્તાપ થવા લાગ્યો.

પેલા વણિકે આવેલ પૈસાથી પ્રમાણિકતા પૂર્વક અને મહેનતથી વ્યાપાર કર્યો; વેપાર સારો ચાલવા માંડ્યો અને થોડો પૈસો પણ મેળવ્યો. હાર પર લીધેલી રકમ વ્યાજ સહિત પાછી આપી દેવાનો તેણે વિચાર કર્યો અને તે જીનદાસ શેઠને ત્યાં ગયો. શેઠે રકમ લઈ હાર પાછો આપ્યો.

તે વણિકે કહ્યું, " શેઠ, આ હાર તો આપનો જ છે; મારી વિષમ સ્થિતિમાં હું કર્તવ્ય–અકર્તવ્યનું ભાન ભુલી ગયો હતો અને આપનો હાર લઇ લીધો હતો; તે મને પાછો આપવાનો નથી. " શેઠે કહ્યું, " ભાઈ, એ હાર હવે મારો રહ્યો નથી; કેમકે હું સામાયિકમાં હતો તે સમયે તેં આ હાર લીધો હતો; ત્યારે હું બધી વસ્તુનો ત્યાગ કરીને બેઠો હતો; આ હાર પર મારૂં સ્વામીત્વ હતું નહિ; એટલે આ હાર મારો ન કહેવાય. "

છેવટે બેમાંથી કોઇ તે રાખવા તૈયાર ન થયું, ત્યારે માનવ સેવાના કાર્યમાં તે હારનું દાન કરવામાં આવ્યું.

એક વાર એક જ્ઞાની મુનિનું વ્યાખ્યાન શ્રવણ કરવા ધારાનગરીની મોટી માનવ મેદની એકત્રિત થઇ હતી. મહારાજશ્રીએ ઉપદેશ આપતાં ફરમાવ્યું કે 'દરેક મનુષ્ય ભૂલને પાત્ર છે, પણ કરેલી ભૂલનો પશ્ચાતાપ કરવાથી અને પાપનું પ્રાયશ્ચિત કરવાથી, મનુષ્ય પાપના ભારને હલકો કરી શુદ્ધ બની શકે છે. આ શબ્દો સાંભળી હાર લઇ જનાર વણિક ઉભો થયો અને હાથ જોડી મુનિરાજને વિનતિ કરી કે, ' પૂજ્ય ગુરુદેવ ! મારાથી એક પાપ થયું છે અને તેનું પ્રાયશ્ચિત મારે આપની પાસેથી લેવું છે. મેં મારી વિષમ સ્થિતિને કારણે અને સ્ત્રી બાળકોને કેટલાય દિવસો સુધી ભોજન ન મળવાથી, જીનદાસ શેઠનો સોનાનો હાર તેમની આજ્ઞા સિવાય લીધો હતો, માટે મને તેનું પ્રાયશ્ચિત કૃપાળુ દેવ આપો.

આ સાંભળતાં તેની પત્નિ ઉભી થઈ અને વિનતિ કરી કે, 'ગુરુદેવ! મારા પતિને પ્રાયશ્ચિત આપતાં પહેલાં મને પ્રાયશ્ચિત આપો; કેમકે એ પાપનું કારણ હું જ છું; મેં વિલાસી વસ્ત્રાભૂષણ પાછળ ખોટું ખર્ચ કર્યું ન હોત, સામાજિક ખર્ચાળ રૂઢિઓને અનુસરવાનો ખોટો આગ્રહ રાખ્યો ન હોત, તો મારા પતિદેવ માટે આવો પ્રસંગ જ ઉભો ન થાત; માટે પાપની ખરી અધિકારીણી હું છું. મને પ્રાયશ્ચિત આપી શુદ્ધ બનાવો. '

એટલામાં તો જીનદાસ શેઠે ઉભા થઇ વિનતિ કરી, 'મહારાજ ! મને પણ પ્રાયશ્ચિત આપો, કારણ કે એ પાપમાં મારી પણ જવાબદારી કાંઈ ઓછી નથી; સંઘપતિ તરીકે મારી ફરજ સર્વ જ્ઞાતીબંધુઓનું ધ્યાન રાખવાની છે, હું એ ફરજ અદા કરવામાં ચૂકયો ત્યારે જ આ ભાઇને પરાધિનતાથી આ પ્રમાણે કરવું પડ્યું; અમે શ્રીમંતો પહેલ કરીએ અને ખર્ચાળ રૂઢીઓ કાઢી નાખીએ તો ગરીબોને નકામુ ખેંચાવું પડે નહિ અને આવી કફોડી સ્થિતિમાં મૂકાવું પડે નહિ. માટે ગુરુદેવ, મને પણ આ માટે પ્રાયશ્ચિત આપો.

ધારાનગરીના નરેશ પણ વ્યાખ્યાન વખતે હાજર હતા; આ બધુ સાંભળીને, તેમને થયું કે આ રાજ્યમાં થતાં અનેક પાપોનો જવાબદાર હું જ છું. પ્રજાને સંસ્કારી અને શિક્ષિત ન બનાવવાને લીધે, ખર્ચાળ રૂઢીઓને તોડવાના પ્રજાહિતના નિયમો ન બનાવવાને કારણે અને કોઈપણ પ્રજાજન કામધંધા વગરનો ન રહે તે પ્રતિ બેદરકારી સેવવાના પરિણામે જ સમાજમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનશાસનરત્ન આચાર્યવર્ય કે કાલધર્મ

લેખક : ઇન્દ્રદિન્નસૂરિ

ભરે હુયે હૃદય એવમ્ કાંપતે હાથોં સે લિખના પડ રહા હૈ કિ સમન્વય કી રાહોં પર અથીમ કદમ રખનેવાલે! એકતા કે અમરદૂત! સરલતા કી નિધિ! ઔદાર્યતા કે કુબેર! રાષ્ટ્ર સંત–જિનશાસન રત્ન–શાંત તપોમૂર્તિ! સંયમ શાર્દૂલ ચારિત્ર ચૂડામણિ! અખંડ બાલબ્રહ્મચારી! ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ સારે ચતુર્વિધ શ્રી સંઘ કો અસહાય રોતે બિલખને છોડકર સદા સદા કે લિયે હમસે જુદા હો ગયે.

આચાર્યશ્રીજી અંતિમ સમય તક પૂર્ણ શાંત, અપ્રમત્ત એવમ્ સજાગ થે. તા. ૬–૫–૭૭ જેઠ વદિ સપ્તમી કી સાયંકાલ કો મૈંને શ્રદ્ધેય ગુરુદેવ કા હાથ પકડ કર ગૈલરી મેં થોડા ઘુમાયા. પશ્ચાત એક ઘંટા આત્મલીન હોકર બરાબર ધ્યાનપૂર્વક નમસ્કાર મહામંત્ર કા જાપ કિયા! સર્વ સાધુગણ કે સાથ પૂર્ણ ચેતના કે સાથ પ્રતિક્રમણ કિયા! પ્રતિક્રમણ કે બાદ આચાર્યદેવને અધિક અશક્તિ મહસૂસ કી.

સારી રાત આચાર્યશ્રીજી કી સેવા મેં સભી સાધુ ખડે પાંવ સંલગ્ન થે પ્રાતઃ ૫ બજે મુનિશ્રી વિનોદવિજયજીને પ્રતિક્રમણ કરાયા. માત્રા કો બૈઠે સ્વયં ઉઠને મેં તકલીફ મહસૂસ કી. ઉસી સમય મૈંને એવં સર્વ સાધુઓંને ઉઠાકર પાટ પર બિઠા દિયા. ઉસી સમય કાર્યોત્સર્ગ-મુદ્રા કે રુપ મેં આંખો કો ખોલકર માનો સર્વ સાધુઓં કો અંતિમ દર્શન એવં આશીર્વાદ દેતે હુએ સજગતાપૂર્વક કાનોં સે નમસ્કાર મહામંત્ર, ઉવસગ્ગહરં, ચત્તારી મંગલ તથા અનેક સ્તોત્રોં કો સુનતે હુએ અપૂર્વ આરાધના કે સાથ અંતિમ શ્વાસોં કે રુપ મેં તીન હિચકિયાં લેતે હુએ ૬ બજે બિના વેદના કે સમાધિ મરણ કો પ્રાપ્ત કિયા. એક મિનટ મેં હી આકસ્મિક વજ્રપાતરૂપી યહ સબ ઘટના ઘટ ગઇ.

સાધુઓંને વિધિ–વિધાન કરકે આચાર્યશ્રીજી કા પાર્થિવ દેહ શ્રી સંઘ કો સૌંપ દિયા.

તત્કાલ અગ્નિસંસ્કાર કરને એવં વહીં પર ગુરુદેવ કી સમાધિ સ્મારક બનાને હેતુ અશોકકુમાર સાધુરામ એણ્ડ બ્રધર્સને દિલ્લી મુરાદાબાદ મુખ્ય રોડ પર સ્થિત, મુરાદાબાદ

---

અપરાધી કોણ ? ( અનુ. પેજ ૨૦૭ થી ચાલુ )

આવા પાપો વધતાં જ જાય છે. તે માટે હું જ જવાબદાર ગણાઉં, એટલે આ પાપનું પ્રાયશ્ચિત્ત આપી મને શુદ્ધ બનાવો.

છેવટે મુનિરાજે ફરમાવ્યું, ભાઇઓ! તમારા બધાના અપરાધ કરતાં મારો અપરાધ મોટો ગણાય; કેમકે સાચી પરિસ્થિતિ જાણવાનો અને તેને સુધારવાનો મેં કદી પ્રયાસ કર્યો જ નથી. મારી પોતાની માન પ્રતિષ્ઠા વધારવા માટે ખોટા આડંબરી અને આશ્રવી ઉત્સવો ઉભા કરવામાં જ મેં મારા સમય અને શક્તિનો મોટા ભાગે ઉપયોગ કર્યો છે, તે માટે હું પ્રાયશ્ચિત્તનો સાચો અધિકારી છું.

મુનિરાજ, ધારાનરેશ, જીનદાસ શેઠ, વણિકની ધર્મપત્ની અને વણિક ક્રમશઃ પોતપોતાની ભૂલ માટે પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ બન્યા.*

*ઉજ્જવળ વાણી ભાગ ૨–માંથી સાભાર ઉધ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નગરમેં પ્રવેશ કરતે હી સર્વ પ્રથમ આનેવાલી અપની ૧૫૩૦ ગજ કી ભૂમિ કા એક પ્લાટ સમર્પિત કિયા. પરમ ગુરુભક્ત શ્રી શાન્તિસ્વરૂપ મોહનલાલજી હોશિયારપુરવાલોંને ઉચ્ચતમ બોલી અગ્નિ સંસ્કાર કી લી. સભી બોલિયાં એક લાખ સે ઉપર કી હુઈ. ઈસ પ્રકાર અલાવા સમાધિ નિર્માણ હેતુ ડેઢ લાખ કે કરીબ ધન રાશિ એકત્રિત હુઈ.

પંજાબ કે પ્રત્યેક નગર એવં આસામ, બમ્બઇ, અહમદાવાદ, બડોદા, કલકત્તા, બીકાનેર, દિલ્લી, આદિ અનેક પ્રાન્તોં, નગરોં, ગાંવોં સે ગુરુભક્ત બસોં કારોં વાયુયાનોં દ્વારા મુરાદાબાદ પહુંચે વાહનોં કી ગણના અસંખ્ય થી.

દો બજે પન્દ્રહ હજાર કી માનવ-મેદિનીયુક્ત શબયાત્રા કે પ્રારંભ મેં હી મુરાદાબાદ કે કમિશ્નર મહોદયને સ્વયં ઉપસ્થિત હોકર પાલકી મેં વિરાજિત પૂજ્ય ગુરુદેવ કો નમસ્કાર કર હાર્દિક સંવેદના તથા શ્રદ્ધાંજલિ વ્યક્ત કી.

શબયાત્રા કા જલૂસ અનેક નગરોં સે આયે હુયે બેંડ, બાજોં, ભજન મંડલિયોં, ભંગડા, પાર્ટીયોં તથા અપાર માનવમેદિની કે સાથ નગર કે પ્રમુખ બાઝાર કે માર્ગો સે હોતા હુઆ જય-જય નન્દા-જય-જય ભદ્દા કે ગગનભેદી જયનાદોં કે સાથ લક્ષ્યસ્થલ પર પહુંચા.

જબ પરમ ગુરુભક્ત લા૦ શાંતિસ્વરૂપજીને કાંપતે હાથોં એવં સજલ નયનોં સે આચાર્યશ્રીજી કે પાર્થિવ દેહ કો અગ્નિ લગાઇ તબ અપાર માનવમેદિની કે નયનોં સે ઝરઝર અશ્રુધારા વહ રહી થી.

શ્રી સંઘને આચાર્યશ્રી કે કાલધર્મ નિમિત્ત બૃહત્ શાંતિસ્નાત્ર સહિત નવાહ્નિકા મહોત્સવ મનાના નિશ્ચિત કિયા હૈ.

## શ્રી આત્મ-વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મહારાજના જીવનકાર્ય, જીવન સાધના અને ગુરુભક્તિની સ્મૃતિમાં શ્રી આત્મ-વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ, પૂ. સાધ્વીજી મહારાજોના અભ્યાસ માટે અને અર્ધમાગધી, પ્રાકૃતનો અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય આપે છે.

કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિની જેમને અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલાં છે અને આર્થિક સહાયની જરૂર છે, તેમણે નિયત અરજીપત્રક કાર્યાલયેથી મંગાવી, ૧૫ જુલાઇ સુધીમાં ભરી મોકલવું.

કાર્યાલયનું સરનામું :-

**શ્રી આત્મ વલ્લભ શીલ સૌરભ ટ્રસ્ટ**

ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિમાર્ગ-મુંબઇ-૩૬

**કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા**

ટ્રસ્ટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોંધણી નં. એફ. ૩૭
**ભાવનગર**

# શ્રી જૈન આત્માનંદ
## સં. ૨૦૩૨ આસો વદી

| ફંડો અને જવાબદારીઓ | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :** | | |
| (ઘસારા, સીકીંગ, રીઝર્વ ફંડ વિ.) | | |
| શ્રી ફંડના પરિશિષ્ટ મુજબ ... | | ૧૯૨૬૯૪-૯૪ |
| **જવાબદારીઓ :** | | |
| ખર્ચ પેટે ... | ૮૮૯-૯૬ | |
| અગાઉથી મળેલી રકમો પેટે ... | ૧૦૯૫૦-૬૦ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે ... | ૬૯૦-૦૦ | |
| અન્ય જવાબદારીઓ ... | ૬૦૨-૬૯ | |
| | | ૧૩૧૩૩-૨૫ |
| **ઉપજ ખર્ચ ખાતું :** | | |
| ગઈ સાલની બાકી ઉધાર ... | ૩૮૦૪-૦૫ | |
| બાદ : ચાલુ સાલનો વધારો ઉપજ ખર્ચ ખાતા મુજબ... | ૪૨૩૯-૦૦ | |
| ચાલુ સાલનો વધારો ઉપજ ખર્ચ ખાતા મુજબ ... | | ૪૩૪-૯૫ |
| **કુલ રૂ...** | | ૨૦૬૨૬૩-૧૪ |

ઉપરનું સરવૈયું મારી/અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

તા. ૨૫ માર્ચ ૧૯૭૭
**ભાવનગર**

**શાહ ગુલાબચંદ લલ્લુભાઈ**
**રમણલાલ અમૃતલાલ શેઠ**
**હીરાલાલ ભાણજી**
**અમૃતલાલ રતીલાલ**
**હીંમતલાલ અનોપચંદ મોતીવાલા**

ટ્રસ્ટીઓની સહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા–ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલકત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલકત :** ગઈ સાલની બાકી ... | | ૧૦૧૮૨૧-૮૦ |
| **રોકાણો :** સીકયોરીટીઝ | | |
| શ્રી મહાલક્ષ્મી મીલના શેરો ... | | ૨૦૦-૦૦ |
| **ડેડ સ્ટોક અને ફરનીચર :** ગઇ સાલની બાકી ... | | ૪૨૩૫-૦૦ |
| **સ્ટોક :** પુસ્તક સ્ટોક ... | | ૭૦૫૫-૧૮ |
| **એડવાન્સીઝ :** ભાવનગર ઈલેકટ્રીક કાં. ... | | ૧૨૦-૦૦ |
| નોકરોને ... | ૧૧૨૩-૩૦ | |
| પુસ્તકો તૈયાર કરવા માટે ... | ૩૭૩૬-૯૮ | |
| બીજાઓને ... | ૧૦૨૫-૦૦ | |
| | | ૫૮૮૫-૨૮ |
| **વસુલ નહિ આવેલી આવક :** | | |
| ભાડું ... | ૨૪૮૭-૫૭ | |
| બીજી આવક ... | ૨૪૦-૦૦ | |
| | | ૨૭૨૭-૫૭ |
| **રોકડ તથા અવેજ :** | | |
| (અ) બેંકમાં સેવીંગ્ઝ ખાતે યુનીયન તથા દેના બેંક ... | ૧૯૬૦૯-૧૩ | |
| બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટ ખાતે યુનીયન તથા દેના બેંક | ૬૪૪૨૪-૪૦ | |
| (બ) મુનીમ પાસે, નામ ભીખાલાલ ભીમજીભાઈ ... | ૧૮૨-૧૨ | |
| | | ૮૪૨૧૫-૬૫ |
| સરવૈયા ફેરના ... | | ૨-૬૬ |
| **કુલ રૂા...** | | **૨૦૬૨૬૩-૧૪** |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

તા. ૨૫ માર્ચ ૧૯૭૭
**ભાવનગર**

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોંધણી નં. એફ. ૩૭
ભાવનગર

સં. ૨૦૩૨ના આસો વદી અમાસના રોજ

| આવક | | રૂા.. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **ભાડા ખાતે :—( લેણી/મળેલી )** | ... | | ૯૯૮૨-૭૦ |
| **વ્યાજ ખાતે :—( લેણી/મળેલી )** | | | |
| બેન્કના ખાતા ઉપર | ... | ૫૩૭૦-૦૩ | |
| | | | ૫૩૭૦-૦૩ |
| **બીજી આવક :** | | | |
| પસ્તી વેચાણ આવક | ... | ૨૨૭-૨૭ | |
| જાહેર ખબર આવક | ... | ૧૨૭૫-૦૦ | |
| વાર્ષીક મેમ્બર ફી | ... | ૨૦-૦૦ | |
| અનામત પુસ્તક વેચાણ | ... | ૬૬૯-૧૦ | |
| પુસ્તક વેચાણ નફો | ... | ૧૧૭૫-૧૫ | |
| જ્ઞાન આવક | ... | ૧૧૮-૬૭ | |
| વેવીશાળ ભેટ આવક | ... | ૧૮૦૭-૦૦ | |
| | | | ૫૨૯૨-૧૯ |
| **રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા** | ... | | ૩૬૨૩-૩૫ |
| કુલ રૂા... | | | ૨૪૨૬૮-૨૭ |

તા. ૨૫ માર્ચ ૧૯૭૭
**ભાવનગર**

**શાહ ગુલાબચંદ લલ્લુભાઈ**
**રમણલાલ અમૃતલાલ શેઠ**
**હીરાલાલ ભાણજી**
**અમૃતલાલ રતીલાલ**
**હીંમતલાલ અનોપચંદ મોતીવાલા**

} ટ્રસ્ટીઓની સહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા, ભાવનગર

## પૂરા થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ખર્ચ | | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :** | | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ | ... | ૪૦૬-૬૮ | |
| મરામત અને નિભાવ | ... | ૩૧-૦૦ | |
| વીમો | ... | ૪૬૯-૨૦ | |
| | | | ૯૦૬-૮૮ |
| **વહીવટી ખર્ચ :** | ... | | ૬૧૯૯-૫૦ |
| **કાનુની ખર્ચ :** (રૂ. ૩૬૭-૦૦ ઈન્ક. ટેક્ષ સહીત) | ... | | ૬૧૭-૦૦ |
| **ઓડીટ ફી** | ... | | ૧૬૦-૦૦ |
| **ફાળો અને ફી** | ... | | ૩૯૪-૨૫ |
| **પરચુરણ ખર્ચ** | ... | | ૧૪૬૦-૯૪ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો** | ... | | ૧૩૧૯-૮૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :** | | | |
| (અ) ધાર્મીક | ... | ૧૨૫-૯૦ | |
| (બ) બીજા ધર્માદા હેતુઓ | ... | ૮૮૪૫-૦૦ | |
| | | | ૮૯૭૦-૯૦ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે** | ... | | ૪૨૩૯-૦૦ |
| **કુલ રૂ...** | | | **૨૪૨૬૮-૨૭** |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ


તા. ૨૫ માર્ચ ૧૯૭૭
**ભાવનગર**

**Sanghavi & Co.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# દેના બેંક
## સમૃદ્ધિ ડિપોઝિટ યોજના
### હેઠળ આપનાં નાણાં મહિને મહિને
### વધુ ઝડપથી વધતાં જ રહે છે.


**રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯,**
**૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.**

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંક**ની સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી **દેના બેંક** શાખાની મુલાકાત લો.

**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/288


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શોક પ્રદર્શિત સભાઓ

**ભાવનગર**—શ્રી જૈન આત્માનંદ સભામાં મળેલ શોક સભામાં નીચે મુજબ ઠરાવ થયો હતો.

પરમ પૂજ્ય પંજાબ કેસરી યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૩૩ના વૈશાખ વદ ૮ તા. ૧૦–૫–૭૭ ને મંગળવારના રોજ મુરાદાબાદ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા તે અંગે શ્રી જૈન આત્માનંદ સભાની તા. ૧૪–૫–૭૭ના રોજ મળેલી આ સભા ખૂબ જ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી અનુભવે છે.

સ્વ. આચાર્યશ્રી શાંત સ્વભાવી અને સંઘહિતચિંતક તેમજ તેમના ગુરુ આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજીના આદેશ મુજબના કાર્યો પૂર્ણ કરવા હંમેશા તત્પર રહેતા. સાદુ ધર્મમય જીવન, સરળ કાર્ય પદ્ધતિ અને હૃદયની વિશાળતાથી તેમણે શ્રી સંઘહિતના અનેક કાર્યો સફળતાપૂર્વક પાર પાડ્યા હતા. આપણી શ્રી જૈન આત્માનંદ સભા ઉપર તેમનો અનેરો ભાવ હતો અને તેના વિકાસમાં તેમનો સદા સહકાર મળી રહેતો હતો.

તેમના સ્વર્ગવાસથી જૈન સમાજને તેમજ શ્રી આત્માનંદ સભાને ન પૂરાય તેવી ખોટ પડી છે.

સ્વર્ગસ્થનો આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાન્તિ પામે તેવી આ સભા પ્રાર્થના કરે છે.

## આચાર્ય વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજને મુંબઇના જૈન સમાજે અર્પેલ શ્રદ્ધાંજલિ

શાંતમૂર્તિ આચાર્યપ્રવર શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ, તા ૧૦–૫–૧૯૭૭ મંગળવારના રોજ મુરાદાબાદ મુકામે ૮૫ વર્ષની ઉમરે, ૬૬ વર્ષનો સંયમપર્યાય પાળી, સમાધિપૂર્વક કાળધર્મ પામતાં, મુંબઈના જૈન સમાજની ૫૧ સંસ્થાઓના ઉપક્રમે, પાયધુની ઉપરના શ્રી ગોડીજી ઉપાશ્રયમાં, આચાર્ય શ્રી વિજયભુવનચંદ્રસૂરીશ્વર ડહેલાવાળા મહારાજ આદિની નિશ્રામાં ગુણાનુવાદની સભા રવિવાર તા. ૧૫મીના રોજ મળી હતી.

આચાર્ય મહારાજના મંગલાચરણ બાદ શ્રી જયંતીલાલ આર. શાહે જણાવેલ કે આચાર્યશ્રીના સ્વર્ગગમનથી ભારતના જૈનસંઘે અહિંસા અને કરૂણાના મહાન વારસદાર ગુમાવ્યા છે.

શ્રી ફુલચંદ હરીચંદ દોશીએ જણાવેલ કે વિનમ્રતા અને આદર્શતાની જીવંતમૂર્તિ સમા મહાપુરૂષ ચાલ્યા ગયા છે. શ્રી ભાણાભાઇ ચોકસીએ જણાવેલ કે સંગઠન અને સેવાના ક્ષેત્રે જેમણે ચિરંજીવ અર્પણ કર્યું છે તેવા મહાપુરૂષના સ્વર્ગવાસથી જૈનસંઘને મોટી ખોટ પડી છે.

શ્રી આત્માનંદ જૈન સભાના મંત્રીશ્રી રસીકલાલ એન. કોરાએ અંજલિ અર્પતાં કહ્યું કે યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના મિશનને ચાલુ રાખી જૈન સમાજ ઉપર અનેક ઉપકારો કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પુ. આચાર્યશ્રીના કાળધર્મથી ભારે ખોટ પડી છે શ્રી પ્રાણલાલ કે. દોશી, શ્રી સોહનલાલ કોઠારી, શ્રી નટવરલાલ એસ. શાહ, શ્રી રતીલાલ ચીમનલાલ શાહ, શ્રી રસીકલાલ કોલસાવાળા, શ્રી રૂપચંદ ભણશાળી, શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવરાજ મહેતા વિગેરેએ શ્રદ્ધાંજલિ અર્પી લોકપ્રિય માનવતાવાદી અને અધ્યાત્મ નેતાની ખોટ પડ્યાનું જણાવ્યું હતું.

શ્રી ગોડીજી દેરાસરના ટ્રસ્ટી શ્રી અમરચંદ રતનચંદ ઝવેરીએ શ્રદ્ધાંજલિ અર્પતો શોક ઠરાવ રજુ કર્યો હતો.

સદ્ગતના આત્માને શાંતિ અર્પવા સાથે આચાર્ય શ્રી વિજયભુવનચંદ્રસૂરીશ્વરજીએ ચતુર્વિધ સંઘ વતી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી પૂ. આચાર્યશ્રીના સ્વર્ગવાસની ભૂમિ મુરાદાબાદમાં સ્મારક બનાવવા એક સદ્ગૃહસ્થે વિશાળ જમીન ભેટ આપી છે અને ત્રણેક લાખ રૂપિયા સ્મારક માટે ફંડ થયેલ છે. અગ્નિ સંસ્કારોનો લાભ હોશિયારપુરવાળા શ્રી શાંતિ સ્વરૂપજી જૈને ઉછામણી બોલીને લીધો હતો.

## મોટી વાવડી ગામમાં થયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણાની બાજુના મોટી વાવડી ગામમાં નાનું પણ રમણીય દેરાસર બનાવેલ અને તેમાં પરમ કલ્યાણકારી દેવાધિદેવ શ્રી સંભવનાથ સ્વામી આદિ જિનબિંબોના પ્રતિષ્ઠા આચાર્ય શ્રીમદ્ વિજયમાનતુંગસૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં વૈશાખ શુદી ૧૩ને રવિવારના ભારે આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં થઈ હતી.

પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી બૃહત્ શાંતિ સ્નાત્રસહિત તા. ૨૫-૪-૭૭થી તા. ૨-૫-૭૭ સુધી આઠ દિવસનો મહોત્સવ અને સાધર્મિક ભક્તિ રાખવામાં આવી હતી.

સ્વામીવાત્સલ્યના ત્રણ ટાઈમના આઠેય દિવસના આદેશો વાવડીવાળાએ જ લીધા હતાં.

પ્રતિષ્ઠાના દિવસે શ્રી મોહનલાલ નાગજી દોશી તરફથી ગામ ધુમાડો બંધ તથા શાંતિ-સ્નાત્ર ભણાવવામાં આવેલ. આ પ્રસંગે વિશિષ્ટ સેવા આપનાર તથા જિનાલયના નિર્માણ પાછળ ભોગ આપનાર શ્રી નગીનદાસ વાવડીકર, શ્રી વાડીલાલ બી. મહેતા, શ્રી દેવચંદ જગજીવન, શ્રી અમૃતલાલ સંઘવીનું બહુમાન કરી સન્માનપત્ર આપવામાં આવ્યા હતા.

વાવડી ગામની પંચાયતે મુખ્ય બજારને "દેરાસર રોડ" નામ આપી પ્રતિષ્ઠાની યાદગીરી કાયમી બનાવી હતી.

## જૈન વિદ્યાર્થીઓને લોન સહાય

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને એન્જીનિયરીંગ, આર્કિટેક્ચર, દાકતરી, વાણિજ્ય, ચાર્ટર્ડ તથા કોસ્ટ એકાઉન્ટન્સી, બિઝનેસ મેનેજમેન્ટ, શિક્ષણ, લલિત-કળા અથવા જૈન વિદ્યાના ઉચ્ચ અભ્યાસ માટે; ડિગ્રી અભ્યાસ માટે ઇન્ટર મીડિયેટ પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ. એસ. સી. પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજીપત્રક રૂા. ૧-૨૦ મનીઓર્ડરથી કે ટપાલ ટિકીટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૧૫મી જુલાઈ છે.

**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ**
ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય-ઓગષ્ટ ક્રાંતિમાર્ગ, મુંબઈ-૩૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ઉજવાયેલ ૫૨ મી સ્વર્ગારોહણ તિથિ

મુંબઈ-વાલકેશ્વર ખાતે શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી જેઠ વદ ૩ તથા જેઠ વદ ૪ એ દિવસ સ્વ. યોગનિષ્ઠ આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ શાસનપ્રભાવક આચાર્ય શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રી મનોહરકીર્તિસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વ નીચે ઘણા ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી.

એ દિવસનો આકર્ષક પ્રોગ્રામ હતો. તેમાં જુદા જુદા વક્તાનો મુખ્ય સૂર એ હતો કે સ્વર્ગસ્થ ગુરુદેવ મહાન વિભૂતિ હતા. તેઓશ્રીએ માત્ર ૨૪ વર્ષના દિક્ષા પર્યાયમાં ૧૨૦ ઉપરાંત વિશિષ્ટ કોટિના ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથોનું સર્જન કર્યું હતું. તેઓશ્રીએ શાસનના અનેક શુભ કાર્યો કર્યા હતા વિગેરે વિષયક ઉપર વક્તાઓએ પોતાના ભાષણમાં પ્રકાશ પાડતા કેટલાક શ્રોતાઓની આંખમાં હર્ષ અને સ્વ. ગુરુજી પ્રત્યે પ્રેમસહ વંદન દર્શાવતા આંસુ દેખાતા હતા. શ્રોતાની મોટી સંખ્યા હોવા ઉપરાંત આચાર્ય મહારાજ શ્રી સુબોધસાગરજી મહારાજ, આચાર્ય શ્રી મનોહરસાગરજી મહારાજ તથા તેમનો શિષ્ય સમુદાય તથા આચાર્ય મહારાજશ્રી ચંદ્રોદયસૂરિજી મહારાજ અને તેમનો શિષ્ય સમુદાય મળી મોટી સંખ્યામાં મુનિમહારાજો તથા મોટી સંખ્યામાં સાધ્વીજી મહારાજોની હાજરીથી ભારે ઉત્સાહનું વાતાવરણ જામ્યું હતું.

શરૂઆતમાં મંડળના સેક્રેટરી શ્રી પોપટભાઈ મણીભાઇ પાદરાકરે પત્રિકા વાંચન કર્યું હતું.

મંડળના પ્રમુખ ટ્રસ્ટી શ્રી ગૌતમભાઇએ તથા મહુડીના ટ્રસ્ટી શ્રી પ્રેમચંદભાઇએ પૂ. આચાર્ય મહારાજશ્રીના જીવન વિષે સુંદર વક્તવ્યો રજુ કર્યા હતા. આ પ્રસંગે પૂજ્ય આચાર્ય ભગવંતોએ ઘણી જ સુંદર શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું અને શ્રોતાઓને ગળગળા કરી મુકયા હતા. આ પ્રસંગે સ્વ. જાણીતા કવિરત્ન શ્રી મણીભાઇ પાદરાકરના સુંદર ૪ કાવ્યો કનુભાઇએ સંગીત સાથે રજુ કર્યા હતા. આ કાવ્યો બહુ જ ભાવભર્યા છે, જેમાંનું એક નીચે મુજબ છે:-

( રાગ-કેદાર ત્રિતાલ )

આઓ ગુરૂવરા, જ્ઞાનકી જ્યોત જગાઓ! જ્ઞાનકી જ્યોત જગાઓ!
શુદ્ધ હૃદયસે તાર લગાઉં, અંતર આતમ ચરણ ઝુકાઉં,
સત્ય પૂજન ભક્તિ ગુરુચરનન, પ્રાનસે ગુરુવર પ્રાન મીલાઉં. આ૦
આજ જયંતિ ચાંદ ખિલાઉં, ભક્ત હૃદય આકાશ ઉજાળુ.
બુદ્ધિ-જ્યોત નેનન મંગલકર, મનિમય ગુરૂવર તાન લગાઉં. આ૦

—પાદરાકર

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાલીતાણામાં 'શ્રુત-સાગર' જ્ઞાનમંદિરનું ઉદ્દઘાટન

પંજાબ કેસરી પૂ. આ. શ્રી વલ્લભસૂરીશ્વરજીના શિષ્ય પૂ. પં. શ્રી બલવંતવિજયજીએ પોતાના ગુરૂદેવનાં સ્મારક અર્થે 'શ્રી વિજયવલ્લભ જ્ઞાન વર્ધક ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી. જેનાં ઉપક્રમે પૂ. સ્વ. આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજીનું નામ જોડી 'શ્રુત-સાગર (સમુદ્ર)' જ્ઞાન મંદિર દ્વારા પૂ. સાધુ-સાધ્વીજી તથા જિજ્ઞાસુ વાંચકોને સ્વાધ્યાય માટે ધાર્મિક ગ્રંથો મળી શકે એ દૃષ્ટિએ કરેલ 'પુસ્તકાલય'ની યોજનાને સાકાર કરતો એક સમારંભ 'ચંદ્ર-ભુવન'માં શેઠ શ્રી રીખવદાસજી કોચરનાં પ્રમુખસ્થાને અને પૂ. કનકબેન વૈદ્ય અને શેઠશ્રી તોલારામજી લોઢાજીનાં અતિથિવિશેષપદે યોજાયો હતો. જયારે જ્ઞાનમંદિરનાં ઉદ્દઘાટક તરીકે પંજાબી ધર્મશાળાનાં મુખ્ય ટ્રસ્ટી લાલાજી વિલાયતીલાલજી જૈન પધાર્યા હતાં.

સમારંભમાં પૂ સાધુ-સાધ્વીજીનાં વિશાળ સમુદાય ઉપરાંત ગવર્નમેન્ટ હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર શ્રી ગાંધી સાહેબ, મામલતદાર શ્રી શાહ સાહેબ, રાજકોટ જૈન સંઘનાં અગ્રણી શ્રી અમુભાઇ શેઠ, શ્રાવિકાશ્રમનાં મેનેજર શ્રી બગડીયા સાહેબ, ધાર્મિક અધ્યાપક શ્રી મોહનભાઈ શાહ, સ્થા. ટ્રસ્ટીઓ ડો. શ્રી ભાઇલાલ એમ. બાવીશી, શ્રી ઉત્તમ-ભાઈ દીયોરા, શ્રી બાબુભાઇ મોદી વ. વિશિષ્ટ વ્યક્તિઓએ હાજરી આપી હતી.

પ્રારંભમાં શતાવધાની પૂ. પં. શ્રી જયાનંદવિજયજી મ. શ્રીએ માંગલિક ઉચ્ચાર્યા બાદ અને શ્રી બગડીયા સાહેબે સમારંભની પત્રિકાનું વાંચન કર્યા પછી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. શ્રી બી. એમ. બાવીશી સાહેબે પ્રાથમિક પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે શતાવધાની પૂ પં. શ્રી જયાનંદવિજયજીએ પ્રેરક પ્રવચન કરતાં શાસ્ત્રસૂત્રો ટાંકી જ્ઞાનનું મહત્વ દર્શાવ્યું હતું. 'શ્રુત-સાગર' જ્ઞાનના પ્રચાર ને પ્રદાન માટે શરૂ થાય છે. જ્ઞાનથી જ આત્મા કર્મ કાપે છે, નિર્મળ બને છે, મોક્ષનો અધિકારી બને છે. ગ્રંથો અને ગુરૂદેવો દ્વારા જ જ્ઞાન પ્રદાન થાય છે. અનેક ગ્રંથોના સંકલન સમા ગુરૂદેવો વૈવિધ્ય-ભર્યું જ્ઞાન પીરસે છે. બાળજીવોને બન્ને ધર્મ પ્રતિ દોરે છે. એટલે જ્ઞાનમંદિરની આવશ્યકતા છે જ. એના કાર્યકરો સજાગ રહી, સક્રિય રીતે કાર્યરત બને અને જ્ઞાનમંદિર સંઘને ઉપયોગી નિવડે એવી શુભેચ્છા દર્શાવી હતી.

આનંદને સંતોષ વ્યક્ત કરી, આ 'શ્રુત સાગર' પુસ્તકાલય સાધુ-સાધ્વીજી અને જિજ્ઞાસુઓને જ્ઞાન-પ્રાપ્તિ માટે ખૂબ ઉપયોગી નિવડે એમ નિર્દેશ કર્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. પૂ. સમુદ્રસૂરીશ્વરજી મ. શ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા
## પાલીતાણામાં ગુણાનુવાદ સભા

પંજાબ કેસરી યુગવીર પૂ. આચાર્યદેવ **શ્રી** વલ્લભસૂરીશ્વરજી મ.શ્રીના પટ્ટશિષ્ય અને ગુરુભક્ત પૂ. આ. **શ્રી** સમુદ્રસૂરીશ્વરજી મ.શ્રી મુરાદાબાદ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામતાં, તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા અને તેઓશ્રીના પવિત્ર જીવનમાંથી પ્રેરણા મેળવવા પાલિતાણા સમસ્ત જૈન સંઘ, વિજયવલ્લભ જ્ઞાનવર્ધક ટ્રસ્ટ, બિકાનેર વલ્લભ વિહાર ધર્મશાળા, પંજાબી આત્મવલ્લભ ધર્મશાળા અને અન્ય સંસ્થાઓ, મંડળો તરફથી એક 'ગુણાનુવાદ સભા' સાહિત્ય-મંદિરમાં પૂ. આ. શ્રી જયાનંદસૂરિજી મ.શ્રી, પૂ મુ. શ્રી વર્ધમાનવિજયજી, પૂ. મુ. શ્રી યશોવિજયજી મ. શ્રી આદિ ગુરુવર્યોની નિશ્રામાં યોજવામાં આવી હતી.

પ્રારંભમાં પૂ. આ. શ્રી જયાનંદસૂરિજીએ મંગલાચરણ કર્યા બાદ અમદાવાદના કાર્ડીયોલોજીસ્ટ ડૉ. સુરેશભાઇ ઝવેરીએ પૂ. આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજી સાથેના પોતાના કલકત્તાના અનુભવો જણાવી પૂજ્યશ્રીની સરળતા ને ભદ્રિકતાનું સુંદર વર્ણન કર્યું હતું. ત્યારબાદ ડૉ. ભાઈલાલ એમ. બાવીશીએ પૂ. આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજી સાથેના પાલીતાણામાં અને મુંબઈમાં અનુભવેલ પ્રસંગોનું વર્ણન કરી તેઓશ્રી સાથે થયેલ પત્ર-વ્યવહાર અને પ્રેરણાદાયી પ્રત્યુત્તરોનો ઉલ્લેખ કર્યો હતો અને પૂજ્યશ્રીની સરળતા, વાત્સલ્યભાવ અને ગુરૂ-ભક્તિનું આબેહૂબ વર્ણન કર્યું હતું.

પછી ભાવનગરથી ખાસ પધારેલ બેન્ક ઓફીસર શ્રી જિતેન્દ્રભાઇ બી. શાહે પૂ. સ્વ. આચાર્યશ્રીની સાધર્મિક ભક્તિ દ્વારા જૈનોને સહાયભૂત બની જૈન સમાજની ઉન્નતિ કરવાની ભાવનાને બિરદાવી હતી. જે પછી શ્રાવિકાશ્રમના મેનેજર શ્રી માણેકલાલ બગડીયાએ પૂજ્યશ્રીની ધાર્મિક કેળવણી સાથે વ્યવહારૂ કેળવણી પણ આપી સારા સુશ્રાવકો સર્જવાની ભાવનાનો નિર્દેશ કર્યો હતો.

ત્યારબાદ વલ્લભ ભક્ત પંજાબી આગેવાન અને પંજાબી આત્મવલ્લભ ધર્મશાળાના ટ્રસ્ટી શ્રી વિલાયતીલાલજી જૈને પૂજ્યશ્રી સાથેનો તેઓશ્રીનો સત્સંગ અને અત્યંત સદ્‌ભાવ જણાવી પૂજ્યશ્રી તરફ આદરભાવ વ્યક્ત કર્યો હતો અને 'વલ્લભ-સમુદ્ર'ની બેલડીને બિરદાવી હતી.

શ્રાવક વક્તાઓ બાદ પૂ. વલ્લભસૂરીશ્વરજીના સમુદાયના પૂ.મુ.શ્રી વર્ધમાનવિજયજીએ સ્વ. આચાર્યશ્રી સાથેનો પોતાનો સતત્ સંપર્ક અને વારંવારનો પત્રવ્યવહાર જણાવી તેઓશ્રીના શાસન-પ્રભાવનાના અને સાધર્મિક ઉત્થાનના કાર્યોનું સુંદર વર્ણન કરી વંદના સમર્પી હતી. ત્યાર બાદ પૂ. પદ્મવિજયજી, પૂ. દાનવિજયજી, પૂ. કાન્તીસાગરજી અને પ્રખર વક્તા પૂ. યશોવિજયજી આદિ મુનિવર્યોએ સ્વ. આચાર્યદેવની ગુરૂ-ભક્તિ, લઘુતા, મૂકભાવે કાર્ય કરવાની ભાવનાની પ્રશસ્તિ કરી પૂજ્યશ્રીને વંદનાંજલિ સમર્પી હતી.

અંતે બાળ મુનિશ્રીએ સુંદર કંઠે માંગલિક સંભળાવ્યા બાદ પૂ. આ શ્રી જયાનંદસૂરિજીએ પૂ વલ્લભસૂરિશ્વરજીના પટ્ટશિષ્ય અને પ્રશસ્ત ગુરુભક્ત સ્વ. પૂ સમુદ્રસૂરીશ્વરજીના શાસન-પ્રભાવનાના અને સમાજોદ્ધારના કાર્યોનો ઉલ્લેખ કરી તેમની ખોટ શાસન અને સમાજને પણ સાલશે એમ જણાવી વંદનાંજલિ સમર્પી હતી.

આ સિવાય સ્વ. આચાર્યશ્રીના કાળધર્મ નિમિત્તે પાલીતાણામાં રૂષિ મંડળ મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગરીબોને શીરો તથા ગાયોને ખડ નાંખવામાં આવેલ. ભાવનગર જૈન આત્માનંદ સભા તરફથી રાતના ભાવના રાખવામા આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વડોદરામાં શોક સભા

પરમ પૂજ્ય આચાર્ય ભગવાન વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજજી મુરાદાબાદ (યુ પી.) મુકામે વૈશાખ વદ ૮ના સ્વર્ગવાસી થયા તે નિમિત્તે વડોદરા શ્રી સંઘ તરફથી ત્રણે ફીરકાની ગુણાનુવાદ સભા આત્માનંદ જૈન ઉપાશ્રયે પંન્યાસજી શ્રી ચંદનવિજય ગણિની અધ્યક્ષતામાં વૈશાખ વદ ૧૪ના રોજ યોજેલ તે પ્રસંગે પૂજ્ય આચાર્ય ભગવાનનો જીવનપરિચય પંન્યાસજી ચંદનવિજય ગણિએ સંભળાવેલ. ગુરુપૂજનની બોલી સંઘવીજી ચંપાલાલજી કેસરીમલજીએ બસોને એક રૂપિયા બોલીને કરેલ. વડોદરા શહેરની દરેક સંસ્થાઓએ ભક્તિપૂર્વક શ્રદ્ધાંજલિ આપેલ અને બીજા વક્તાઓએ પોતાની સુંદર ભાષામાં ગુણાનુવાદ કરેલ.

સભાનું સંચાલન સંઘવીજી ચંપાલાલજીએ કરેલ. બાદમાં પાંચ નવકારપૂર્વક પાંચ મિનિટ મૌન સહ નિયમિત બનેલ. બાદ વડોદરા શ્રી સઘે ઠરાવ કરેલ ને આચાર્ય વિજય ઇન્દ્રદિન્નસૂરિજી મહારાજજી ઉપર મુરાદાબાદ મોકલી આપેલ. બાદ પંન્યાસજીએ સર્વ મંગલ સંભળાવેલ. સભા ૧૧-૩૦ કલાકે સમાપ્ત થએલ.


## આગમ સાહિત્યનો અમૂલ્ય ગ્રંથ પ્રકાશિત થઇ રહ્યો છે

પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમારશ્રમણ)ના હાથે વિવેચિત સરળ ભાષા સાથે તાત્ત્વિક જ્ઞાન પ્રાપ્ત કરાવનાર 'ભગવતીસૂત્ર સાર સંગ્રહ'નો બીજો ભાગ જેમાં ૬ શતકથી ૧૧ શતક સુધીનું વિવેચન છે, ગૌતમસ્વામી આદિના પ્રશ્નો અને ભગવાન મહાવીરસ્વામીના ઉત્તરોથી પરિપૂર્ણ આ ગ્રંથ નિકટ ભવિષ્યમાં જ પ્રકાશિત થશે. પાંચ શતક સુધીનો પહેલો ભાગ પણ બીજી આવૃત્તિમાં ઝડપથી તૈયાર થઈ રહ્યો છે.

જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની ભાવવાહિની પ્રસ્તાવના ખાસ વાંચવા લાયક છે.

પ્રત્યેકની કિંમત રૂ. ૮) છે. પોસ્ટ ખર્ચ જૂદો.

| | | |
|---|---|---|
| બારવ્રત (ત્રીજી આવૃત્તિ) | .... .... | ૧-૫૦ |
| વ્રતોની મહત્તા | .... .... | ૦-૫૦ |

: પત્રવ્યવહારનું સરનામું :

૧. જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
C/o વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા
Po. સાઠંબા (સાબરકાંઠા) ગુજરાત A.P.Ry.

૨. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પેઢી
૪૭, મહાત્મા ગાંધી રોડ, પાર્લા (ઈસ્ટ)
મુંબઈ-૫૬


તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only